Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૩૯ ● તા. ૨૨ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## આપ બહુમુખી નેતૃત્વના આદર્શ, આપની સ્મૃતિ બને પથદર્શક...

જ્ઞાતિ-વેપારીઆલમ-માટુંગા-મુંબઈના-કચ્છના સામાજિક-રાજકીય મુઠી ઉંચેરા આગેવાન

**શ્રી ભવાનજી અરજણ ખીમજીને** ૧૧૦મી જન્મ જયંતી વર્ષ નિમિતે સ્મરણાંજલિ...



**સ્વ. શ્રી ભવાનજી અરજણ ખીમજી**

(જીવન સફર : ઈ.સ. ૧૯૦૨થી ઈ.સ. ૧૯૭૦) દેહત્યાગ : ૨૭-૯-૧૯૭૦

- અનેક જ્ઞાતિ સંસ્થાઓના આધારસ્તંભ-સલાહકાર
- પ્રથમ જ્ઞાતિ સંમેલન (૧૯૪૮)ના પ્રમુખ
- બી.પી.સી.સી. (મુંબઈ પ્રદેશ કોંગ્રેસ કમિટી)ના અગ્રણી નેતા
- આઝાદી પહેલાં માટુંગા ક્ષેત્રના અગ્રણી નગરસેવક માટુંગા-વડાલા ક્ષેત્રને અનેક સામાજિક-ધાર્મિક સાંસ્કૃતિક-શૈક્ષણીક પ્રવૃતિઓના પહેલકર્તા બનાવનાર સ્વપ્નશિલ્પી
- આઝાદી પહેલાં અને પછી મુંબઈ (રાજ્ય) ધારાસભાના અગ્રણી સભ્ય
- ઈ.સ. ૧૯૫૨થી ૧૯૬૨ સંસદમાં કચ્છનું પ્રતિનિધિત્વ કરતાં કંડલા બંદર સહિત પ્રારંભિક વિકાસ પ્રવૃતિ શરૂ કરાવી. રાષ્ટ્રીયસ્તરે જ્ઞાતિના એકમાત્ર સાંસદ
- ૧૯૫૨માં કચ્છનાં ધરતીકંપ વખતે રાહત અને પુનર્વસનની કામગીરીના સંગઠક
- બોમ્બે કોટન મર્ચંટ એન્ડ મુકાદમી એસોસીએશન, ઈસ્ટ ઇંડીયા કોટન એસોસીયેશન, સેન્ટ્રલ કોટન કમિટી, મુંબઈ પોર્ટ ટ્રસ્ટ જેવા અગ્રણી વેપારી પ્રતિષ્ઠાનોના અગ્રણી

# !! શતંમ જીવ શરદ : !!

**તા. ૨૯-૦૯-૨૦૧૨, શનીવાર**

## ગુરૂ ગુણોદય ૮૧મો જન્મ ઉત્સવ
## ગુરૂકૃપાથી અંતરમાં પ્રગટાવીએ દિપોત્સવ

ગુરૂની આજ્ઞાના પાલનથી મોક્ષ થાય છે. ગુરૂની મહેરબાનીથી આઠ સિધ્ધીઓ મળે છે. ગુરૂની ભક્તિ - વિધ્યાથી સફળતા પ્રાપ્ત થાય છે. એવી કઈ ચીજ છે જે ગુરૂની કૃપાથી મળતી ન હોય ?

જિન શાસનમાં ત્રણ તત્ત્વો ત્રણ રત્નો જેવા છે. કદાચ રત્નોની કિંમત આંકી શકાશે પણ ત્રણ તત્ત્વોની કિંમત ક્યારે થઈ શકે તેમ નથી. એ ત્રણ તત્ત્વો છે સુદેવ - સુગુરૂ - સુધર્મ તત્ત્વ...

ત્રણે તત્ત્વોમાં વિશેષ ઉપકારક કોઈ હોય તો એ ગુરૂ તત્ત્વ છે. જગતમાં જીવોનો કયારે ઉધારક થઈ શકતો નથી. તિર્થંકર પરમાત્માને પણ પ્રથમ ગુરૂનો યોગ સમપ્રાપ્ત થયો અને ગુરૂના સદયોગથી મિથ્યાત્વોનું વમન કરી સમક્તિ પામ્યા... ક્રમસહ તિર્થંકર બન્યા. આ ગુરૂતત્ત્વોમાં બિરાજમાન ગુરૂદેવોના એટલે આપણી જ્ઞાતી ઉપર જેમની અસીમ કૃપા વરસી રહે છે એવા **અખંડ ૪૪ - ૪૪ વર્ષીતપના આરાધક તપસ્વીરત્ન અચલગચ્છાધીપતી શ્રી અનંતનાથજી ૨૪ જિનાલય તિર્થપ્રતી સ્થાપક (મસ્જીદ બંદર) પ. પૂ. આ. ભ. શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ના ૮૧માં જન્મ વર્ષ પ્રવેશદિન નિમિત્તે** ભાવભરી

**વંદના... વંદના... વંદના...**

**ગુરૂજી જીવો હજારો સાલ, સાલકે દિન હો પચાસ હજાર**

**સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા**

**હ : સમીર લક્ષ્મીચંદ નાગડા**

**(નલીયા-ઘાટકોપર)**



**તપસ્વી સમ્રાટ સંઘશિરછત્ર અચલગચ્છાધિપતિ**

**પ.પૂ.આ.ભ.**

**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

UPASANA-9820167767

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.**

### ૧૧૦મી જન્મજયંતિ પ્રસંગે જ્ઞાતિ ગૌરવનું સ્મરણ

## શ્રી ભવાનજીભાઈ–એક અદ્ભુત વ્યક્તિત્વ

શ્રી ભવાનજીભાઈનો તા.૨૭મી સપ્ટેમ્બર બપોરે એક વાગ્યે દેહોત્સર્ગ થયો. ચાલીસ વર્ષથી વધુ સમય સુધી તેઓએ કોંગ્રેસના એકનિષ્ઠ સેવક તરીકે રાષ્ટ્રને સેવા અર્પી. એટલુંજ નહિ, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના રાજકીય, આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વિકાસ કે ઉત્થાનની અનેકવિધ પ્રવૃત્તિઓમાં તેમણે કિંમતી ફાળો આપેલ. જન્મ ૧૯૦૨માં ખામગામ (વિદર્ભ)માં થયો હતો. અભ્યાસ પૂર્ણ કરીને ૧૯૨૧માં તેઓ પોતાની ખીમજી કુટુંબની રૂની નામાંકિત **શ્રી અરજણ ખીમજી કંપની**માં ભાગીદાર તરીકે જોડાયા. ૧૯૨૬માં તેમણે ધંધાદારી કાર્ય માટે યુરોપનો પ્રવાસ ખેડયો.

ગર્ભશ્રીમંત કુટુંબના આ યુવાનપુત્રના હૃદયમાં પૂ. મહાત્માજીની રાહબરી હેઠળ ચાલતા સ્વાતંત્ર્ય સંગ્રામનો રણકો ઊઠયો. ૧૯૨૭ના ગુજરાત રેલસંકટના કાર્ય નિમિત્તે સરદાર વલ્લભભાઈ પટેલનો શ્રી ભવાનજીભાઈને સંપર્ક થયો. સરદારની નજર ભવાનજીભાઈ પર પડી. સરદાર સાહેબનો પ્રભાવ ભવાનજીભાઈના હૃદયને સ્પર્શી ગયો. અને યુવાન અંતરના વહેણે દિશા બદલી.

૧૯૩૦ની ઐતિહાસિક લડતમાં ભવાનજીભાઈએ સક્રિય ભાગ લીધો. ૧૯૩૨ની લડતમાં બ્રિટિશ પેઢીઓ સાથે રૂના ધંધાના બહિષ્કારની આગેવાની ભવાનજીભાઈએ લીધી અને ધરપકડ આમંત્રી. વ્યાપારી આલમે ચૌદ દિવસ હડતાલ પાડીને શ્રી ભવાનજીભાઈને ટેકો આપ્યો. હવેથી બ્રિટિશ પેઢીઓ ભારતની રાજદ્વારી આકાંક્ષાઓમાં અવરોધક બનશે નહિ તેવી બાંહેધરી મેળવ્યા પછીજ બહિષ્કારની લડત આટોપવામાં આવી. ૧૯૪૦માં વ્યક્તિ સત્યાગ્રહમાં અને ૧૯૪૨ની "હિંદ છોડો"ની ઐતિહાસિક અને યાદગાર લડતમાં ભવાનજીભાઈએ ગિરફતારી વહોરી લીધી અને બે વર્ષનો કારાવાસ ભોગવ્યો.

૧૯૩૫માં દેશના સક્રિય રાજકારણમાં શ્રી ભવાનજીભાઈએ પ્રવેશ કર્યો. કોંગ્રેસના પ્રખર કાર્યકર શ્રી એસ. કે. પાટીલના સાથીદાર તરીકે તેમણે મુંબઈના રાજકીય જીવનની કાર્યવાહી સંભાળી. શ્રી એસ. કે. પાટીલ બી.પી.સી.સી. ના મંત્રી હતા ત્યારે શ્રી ભવાનજીભાઈએ ખજાનચી તરીકેની જવાબદારી ઉપાડી અને પોતાની ઉચ્ચ કક્ષાની સંચાલન શક્તિનો પરિચય કરાવ્યો કોંગ્રેસ પ્રવૃત્તિના ગઢસમા મુંબઈ શહેરની અનેકવિધ પ્રવૃત્તિઓ કોંગ્રેસ અધિવેશન મહાસમિતિની સંખ્યાબંધ બેઠકો તથા અનેકવિધ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેઓ મોખરે રહ્યા. શ્રી ભવાનજીભાઈ ૧૯૩૫થી ટુંક સમય બાદ કરતાં, સતત એ.આઈ.સી.સી.ના સભ્યપદે રહ્યા છે.

શ્રી ભવાનજીભાઈએ નાગરિકજીવન અને ધારાકીય પ્રવૃત્તિમાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે. વર્ષો સુધી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના સભ્ય તરીકે, ૧૯૩૬થી ૧૯૫૦ સુધી મુંબઈ ધારાસભાના સભ્ય તરીકે, ૧૯૪૯માં સ્વતંત્ર ભારતની બંધારણ સભાના સભ્ય તરીકે અને ૧૯૫૨થી૧૯૬૨ સુધી પાર્લામેન્ટના સભ્ય તરીકે તેમણે અનેકવિધ સેવાઓ આપી છે અને તેમની સુઝ, શક્તિ અને કૌશલ્યનો દેશને પરિચય કરાવ્યો છે.

સક્રિય ધંધાદારી કામગીરીમાંથી છૂટા થવા છતાં દેશના વ્યાપાર, ઉદ્યોગ તથા અર્થકારણ સાથે તેઓ ગાઢ રીતે સંકળાએલા રહ્યા છે. લાંબા સમય સુધી તેઓએ "બોમ્બે કોટન મર્ચન્ટસ એન્ડ મુકાદમ એસોશીએસન"ના પ્રમુખ તરીકે સેવાઓ આપી છે. ઈસ્ટ ઈન્ડીયા કોટન એસોશીએસનના વર્ષો સુધી તેઓ ડાયરેક્ટર અને ૧૯૪૮થી ૫૦ના વર્ષમાં ઉપપ્રમુખ હતા. ઈન્ડીઅન મરચન્ટસ ચેમ્બરનાં મેનેજિંગ કમીટીના સક્રિય સભ્ય તરીકે

તેઓએ વર્ષો સુધી સેવાઓ આપ્યા પછી, ૧૯૪૮માં ઉપપ્રમુખ તરીકે અને ૧૯૪૯માં પ્રમુખ તરીકે જવાબદારી અદા કરી. તેઓએ મુંબઈ પોર્ટ ટ્રસ્ટના અને બીજી અનેક સમિતિઓના સભ્ય તરીકે કામગીરી બજાવી. કેટલાય વર્ષો સુધી તેઓ ઇન્ડીઅન સેન્ટ્રલ કોટન કમિટીના સભ્ય હતા.

શ્રી ભવાનજીભાઈની કચ્છ પ્રત્યેની સેવાઓ ચિરસ્મરણીય છે. કચ્છના પછાત પ્રદેશ માટેના ખાસ કામગીરી માટે સરદારશ્રી વલ્લભભાઈ પટેલની શ્રી ભવાનજીભાઈ પર પસંદગી ઉતરી. શ્રી ભવાનજીભાઈએ સરદારની ઈચ્છાને અનુસરીને પોતાનું પ્રવૃત્તિ મથક બદલી, મુંબઈના બદલે કચ્છની કામગીરી સ્વીકારી. કચ્છમાં જે પ્રગતિ થઈ છે તેનો ઘણો મોટો યશ શ્રી ભવાનજીભાઈના ફાળે જાય છે. કચ્છના નાના મોટા પ્રત્યેક કાર્યમાં અને પ્રશ્નમાં શ્રી ભવાનજીભાઈએ અવિરત, અવિશ્રાંત અને અનુપમ સેવા આપી છે. કચ્છની રાજકીય, આર્થિક કે પ્રજા વિકાસની એવી ભાગ્યેજ કોઈ પ્રવૃત્તિ હશે જેમાં શ્રી ભવાનજીભાઈ મોખરે ન હોય. કચ્છની રાજકીય આકાંક્ષાઓને શ્રી ભવાનજીભાઈએ વાચા આપી, સક્રિયતા ઉભી કરી અને દેશના નકશામાં તેનું યોગ્ય સ્થાન સ્થિર કર્યું. કંડલા બંદરની પસંદગીમાં, બંદરની પ્રગતિ અને વિકાસમાં, મુક્ત વ્યાપાર વિસ્તાર તરીકેના નિર્ણયમાં અને કચ્છ ભૂકંપના રાહતકાર્ય તથા પુનર્વસવાટને લગતા કાર્યમાં શ્રી ભવાનજીભાઈનો મોટો ફાળો રહ્યો છે. શ્રી ભવાનજીભાઈની પ્રશ્ન હલ કરવાની કાર્યદક્ષતાનાં પરિણામે કચ્છના જાહેરજીવનમાં એક નુતન ઉચ્ચ કક્ષા નિર્માણ થઈ.

તેઓની બી.પી.સી.સી.ના પ્રમુખ તરીકેની વરણી ૧૯૬૪ના વર્ષમાં થઈ હતી. પણ તેઓને થએલ અકસ્માતના પરિણામે આ સેવા લંબાવવા ના પાડી પણ ટુંકા સમય દરમ્યાન તેઓએ બી.પી.સી.સી દ્વારા મુંબઈની પ્રજાની કિંમતી સેવા બજાવી.

માટુંગા શ્રી ભવાનજીભાઈની સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું મથક હતું. માટુંગાની ભાગ્યેજ એવી કોઈ પ્રવૃત્તિ હશે જેમાં શ્રી ભવાનજીભાઈ મોખરે ન હોય. ગુજરાતી કેળવણી મંડળના તેઓ ૧૯૫૧થી પ્રમુખ હતા. મંડળના શ્રી અમુલખ અમીચંદ વિવિધલક્ષી વિદ્યાલય તથા અનેકવિધ પ્રવૃત્તિઓના તેઓ પ્રણેતા હતા. સંસ્થાના સફળ અને સિધ્ધ સંચાલનમાં થી ભવાનજીભાઈની કાર્યદક્ષતા, નેતૃત્વ અને પ્રેરણાત્મક પ્રતિભાનો અમુલ્ય ફાળો હતો. માટુંગા સેવા મંડળના પ્રમુખ તરીકે તેઓએ કિંમતી સેવા બજાવી છે. માટુંગા વિમેન્સ કોલેજને વિકસાવવામાં, મકાન માટે જગ્યા મેળવવામાં, અને તેને નૂતન આકાર બક્ષવામાં શ્રી ભવાનજીભાઈએ ભારે જહેમત ઉઠાવી છે. માટુંગા ગુજરાતી કલબને વિકસાવવાનાં પ્રયત્નોમાં પણ તેઓનો મોટો ફાળો છે. માટુંગાની જનતા શ્રી ભવાનજીભાઈની આ વિવિધ સેવાઓ માટે ઊંડા ૠણની લાગણી ધરાવે છે.

શ્રી ભવાનજીભાઈની આવી ભાતીગળ અને જ્વલંત કારકિર્દિ સ્મરણ થાય છે. ૧૯૪૨ના લડતમાં ભાગ લીધો.

શ્રી ભવાનજીભાઈની સાદી ઓળખ આપવી હોય તો એમ કહી શકાય. તેઓ એક ઉમદા ગૃહસ્થ હતા. સજજન નર હતા, ખાનદાની અને અમીરાત એમની નસોમાં સદાય વહેતી હતી.

શાળા કે કોલેજનો નોંધપાત્ર અભ્યાસ કર્યો ન હોવા છજાં તેઓ શરૂથીજ કોસ્મોપોલીટન દૃષ્ટિબિંદુ ધરાવતા હતા. ધર્મ અને સંસ્કાર વિષે પણ તેમની દૃષ્ટિ વિશાળ અને ઉદાત્ત હતી. માનવ સપાટી પરની એકતા, કોમ, ધર્મ, પ્રાંતના ભેદભાવ વિના, એમના અંતરમાં સજજ થઈ હતી. સહિષ્ણતા, અન્યને સમજવાની વૃત્તિ અને ધીરજ, કોઈપણ પ્રશ્નો ઉંડાણભરી રીતે અને વાસ્તવિકતાની સપાટી પરથી જોવાની અને જીવવાની કળા અને જરૂરીયાતે ગમ ખાવાની ફાવટ એ એમનાં આકર્ષક તત્ત્વો હતા.

શ્રી ભવાનજીભાઈનાં "કોસ્મોપોલિટન" દૃષ્ટિ, રીતિ, નીતિ અને ઔદાર્ય તથા વિશાળ ધોરણને લીધે શ્રી ભવાનજીભાઈ ૧૯૨૮/૩૦ના જુની પેઢીના કાર્યકરો સાથેના સંબંધ જેટલો જ સંબંધ નવી પેઢીના આજના કાર્યકરગણ સાથે રાખી શકતા. સમયના પ્રવાહને ઓળખવાનું અને જીવવાનું સાહજ્ય એ એમની સદાય વિશિષ્ટતા રહી હતા.

શ્રી ભવાનજીભાઈ લોકશાહી વિચારશ્રેણી અને આચારશ્રેણીનો સદ્ધર સમન્વય સિદ્ધ કરી શક્યા હતા. રાજકારણ અને સંસ્થાકિય જીવનમાં તેમની આ ફાવટ ખૂબ ઉપયોગી નીવડી. પોતાની સાથેના કે વિરોધીને પણ તે ખૂબ શાંતિથી સાંભળતા, તેને સમજવાનો પ્રયત્ન કરતાં, અને આવશ્યક અને યોગ્ય જણાય તો તે સ્વીકારવા તૈયારી બતાવતા. તેમની આ ધીરજ અને ઔદાર્યની લાગણીએ તેમનામાં ઉચ્ચ અને આકર્ષક વિવેકબુદ્ધિને હંમેશા વિલસતી રાખી છે. પોતાની સાથે કે સામે કાર્ય કરનારની નાડ પર તેમની આંગળી હંમેશા રહેતી.

સાથીઓ સાથેના કાર્યમાં તે હંમેશા ઉદાર હતા.

સામાન્ય પ્રશ્નોમાં તે ઘણું જતું કરી શકતા.. પણ અગત્યના પ્રશ્નો કે સિદ્ધાંતમાં ટકવાનું ખમીર તેમનામાં અણીને પ્રસંગે હંમેશા દેખા દેતું હતું. વિરોધીઓને જીતવાની અને તેમની સાથે કામ લેવાની આકર્ષક અને સિદ્ધ કરી શકાય તેવી કળા તેમને પ્રાપ્ત હતી..

મિત્ર તરીકે તે બેનમૂન વ્યક્તિ હતા.. સંબંધો તે ધીરી ગતિએ બાંધતા.., પણ બંધાએલા સંબંધો હંમેશા ટકાવવાની તેમની શક્તિ આકર્ષક હતી.. મિત્ર તરીકે તે આપી જાણતા હતા.. લેવા તરફ તેમની નજર કદિ જતી નહિ. તેમના સામાજીક, વ્યાવસાયિક કે રાજકિય સંબંધો પણ માનવ હૃદયની સપાટી પર સ્થિર થયા હતા..

સરદાર માટે શ્રી ભવાનજીભાઈ અપ્રતિમ આદર ધરાવતા હતા.. તેઓ સરદાર સાહેબના આજ્ઞાકિંત સુભટ હતા.. "સરદારની ઈચ્છા એ મારે મન હુકમ છે." એ એમના ઉચ્ચારણો સરદાર સાહેબ પરત્વેના આદર, નિષ્ઠા, અને વફાદારીની પ્રતીતિ કરાવે તેવા હતા.. તે જ રીતે "ભવાનજી કચ્છના મારા પ્રતિનિધિ એલચી છે" તેવા સરદારના ઉચ્ચારણો સરદારની ભવાનજીભાઈ પરની શ્રદ્ધા વ્યક્ત કરતા હતા.. ૧૯૪૮ના સ્વાતંત્ર્ય પછીના સમયમાં કચ્છના અટપટા પ્રશ્નોમાં સરદાર શ્રી ભવાનજીભાઈની અંગત સલાહ લેતા હતા.. સરદાર સાહેબના જીવનમાં વિવિધ પાસાંની રોશની સરદાર સાહેબના અવસાન પછી પણ શ્રી ભવાનજીભાઈના હૃદય પર પ્રકાશ રેલાવતી રહી હતી..

રાજકારણમાં શ્રી પાટીલ અને શ્રી ભવાનજીભાઈ વર્ષોથી સાથીઓ રહ્યા. શ્રી ભવાનજીભાઈ પંડિત જવાહરલાલજીનો વિશ્વાસ ધરાવતી વ્યક્તિ હતી.. આ સંબંધ ઉચ્ચ સપાટી પર અંગતપણાની લાગણી સુધીનો હતો અને કૌટુંબિક વલણ સુધી વિસ્તર્યો હતો.. નહેરૂ કુટુંબનો આ સંબંધ વડાપ્રધાન શ્રી ઈંદિરા ગાંદી સાથે પણ મિત્રભાવ અને સાથીપણની લાગણીમાં પરિણમ્યો હતો..

શ્રી ભવાનજીભાઈ સમક્ષ રાજકારણનાં આકર્ષણો એકથી વધુ વખત આવ્યા હતા.. પણ તેમાં તેઓ ખેંચાયા નથી.. મુંબઈ રાજ્યની પ્રથમ મિનિસ્ટ્રીમાં તેમને નાણાંખાતું સંભાળવાની ઓફર સરદાર પટેલે કરી હતી.. પંડીત જવાહરલાલ નેહરૂના સમયમાં કેન્દ્ર સરકારમાં તેમને સ્ટેટ-મિનિટસ્ટરના સ્થાન પર આવવાનું કહેણ મોકલાયું હતું. આ સિવાય પણ તેમને એકથી વધુ ઓફર જુદા જુદા સમય થઈ છે. પણ તેમણે તે સાભાર પરત ઠેલી.. કેટલીએક સમિતિઓમં ચેરમેન તરીકેની નિુયક્તિથી તેઓ દૂર રહ્યા છે. પોતાના ધોરણ પર રહેવાનો અને કાર્ય કરવાનો તેમનો નિર્ધાર તેમના આ વલણ પાછળ કારણભૂત હતો..

શ્રી ભવાનજીભાઈ શિસ્તના આગ્રહી હતા.. આ શિસ્ત અને સંચાલન અંગેનો તાલીમ તેમણે સરદાર સાહેબ પાસેથી લીધી હતી.. શ્રી ભવાનજીભાઈ આવી જ આશા સાથીઓ કે કાર્યકરો પાસેથી રાખતા કોઈપણ પ્રવૃત્તિ હાથ ધરે ત્યારે તેનું પૂર્વ આયોજન કરે, વિગતમાં ઉતરે, કાર્યની સોંપણી કરે, કરતી વખતે કાળજી લે પણ એક વખત કાર્ય સોંપ્યા પછી, અનિવાર્ય સ્થિતિ સિવાય વચ્ચે પડે નહિ. શ્રી ભવાનજીભાઈની સંચાલન શક્તિએ તેમની સફળતામાં મહત્ત્વનો હિસ્સો આપ્યો છે.

શ્રી ભવાનજીભાઈ જાહેર પ્રવૃત્તિ માટે લાખો રૂપિયા એકઠા કરી શક્યા હતા.. આ માટેનો એમનો વિવેક અને પ્રભાવ અનેરા હતા.. તેમનો શબ્દ પાછો ન ઠેલાય એવા લાગણી મુંબઈ અને અન્ય સ્થળે તેઓ જ્યાં જાય ત્યાં હસ્તિ ધરાવતી હતી.. જાહેર કાર્ય માટે નાણાં કે સહાય મેળવવાની કળા એ ભવાનજીભાઈની આગવી વિશિષ્ટતા હતી.. આમ શ્રી ભવાનજીભાઈનું જીવન વ્યક્તિ તરીકે, મિત્ર કે સાથી તરીકે અને જાહેર કાર્યકર તરીકે અનોખું હતું..

ભવાનજીભાઈ સમગ્ર કચ્છીયતનું ગૌરવ હતા.. આવી વિરલ, વિચક્ષણ વિરાટ વ્યક્તિની ખોટ સમાજને સાલેજ. તેમની કામગીરી રાજકીય ક્ષેત્રે કચ્છી પ્રતિનિધિત્વનું એક વિરાટ કદમ પુરવાર થયું.. આજે તેમની ૧૧૦મી જન્મતિથીએ એમના સત્કાર્યોને યાદ કરીએ અને ભાવાંજલિ અર્પીએ..

એમણે પોતાના જીવનને સમાજ માટે અર્પણ કરી સેવાકાર્યોથી શોભાવ્યું હતું. આવી વિરલ વ્યક્તિ એ માત્ર જ્ઞાતિ માટે જ નહીં સમગ્ર કચ્છી સમાજ માટે ગૌરવરૂપ હતા.. દશાઈજ્ઞાતિની ઉદાર ભાવના, પરગજુ સેવા અને વ્યવસ્થાપકીય આયોજન શક્તિના કારણેજ તેઓ આગળ વધ્યા અને જ્ઞાતિનું નામ દીપાવ્યું.

***– લેખક : શ્રી બાબુભાઈ એમ. ચીનાઈ (M.P.)***



## બૃહદસ્તરીય દીર્ઘદૃષ્ટિવાળા નેતા અને પ્રતિભાશાળી શ્રી ભવાનજી અરજણ

મુંબઈ કોંગ્રેસના નેતા, નગરસેવક, ધારાસભ્ય અને સાંસદ થઈ જ્ઞાતિને બૃહદસ્તરે ગૌરવ અપાવનારા જ્ઞાતિના પ્રથમ અને એકમેવ સાંસદ શ્રી ભવાનજીભાઈ સ્વાભાવિક રીતે જ્ઞાતિ સંસ્થાઓના જાણીતા માનીતા સલાહકાર હતા. પ્રથમ જ્ઞાતિ સંમેલનના પ્રમુખ થવાનું માન પણ તેમણે સહજપણે મેળવ્યું.

શ્રી ભવાનજીભાઈના નિધન પછી ૪૦ વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો છે. એમની પુણ્યતિથી નિમિતે એક જુદાજ સંદર્ભમાં વિચારણા કરીએ તો?

અહીં સવાલ એ થાય છે કે, જેઓ બૃહદ ક્ષેત્રની આવડતવાળા છે તેમણે પોતાની ક્ષમતાને ભૂલીને માત્ર જ્ઞાતિની સેવા કરવી કે પછી તેમણે જ્ઞાતિને માટે થાય તેટલું કરી મુખ્ય ધ્યાન બૃહદ ક્ષેત્ર પર કેન્દ્રિત કરવું ? સામે પક્ષે એ પણ મહત્વનો સવાલ છે કે જ્ઞાતિએ તેમની પાસેથી શું અપેક્ષા રાખવી?

એટલે ખાસ કરીને વર્તમાન સમયનાં પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો ઇચ્છનીય એ રહેશે કે જ્ઞાતિ સમુદાય એવું ઇચ્છે કે બૃહદસ્તરની પ્રતિભાશાળીઓ મુક્તપણે આકાશને આંબવાનું કામ કરી પોતાનું ગૌરવ વધારે, કેમકે આખરે એ પ્રતિભા આપણી પોતાની છે એનું ઉચિત અભિમાન લેવાનો જ્ઞાતિને હક્ક રહેશે.

સાથે સાથે બૃહદ સ્તરીય પ્રતિભા શ્રી ભવાનજી અરજણ ખીમજીની જેમ વિશાળ દષ્ટિ ધરાવતી હશે તે જ્ઞાતિને જે કંઈ આપવા ધારે તેનો ઉપયોગ જ્ઞાતિ સમુદાય કેવી રીતે કરી શકે, તેની પોતાની રીતે વિચારણા કરીને સ્વતંત્ર જ વિચારણા રાખે તો બૃહદસ્તરની પ્રતિભાનો પુરો લાભ લેવાશે અને જ્ઞાતિના મર્યાદિત હિતની પણ શ્રેષ્ઠ જાળવણી થઈ શકશે.

શ્રી ભવાનજી અરજણ ખીમજીનો બહુમુખી નેતૃત્વના આદર્શ આજે પણ જ્ઞાતિ માટે પ્રસ્તુત છે. કેમ કે જ્ઞાતિને એમના જેવા દીર્ઘદૃષ્ટા બહુમુખી પ્રતિભાવાળા આગેવાનો પાસેથી જે મળ્યું છે તેને કારણે જ્ઞાતિ પાસે પ્રતિભાઓની મોટી સંખ્યા છે અને યોગ્ય નીતિ અપનાવાશે તો ભવિષ્યમાં પણ રહેશે.

*- ચંદ્રસેન મોમાયા*



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી...

*- સોમ ધરમશી* (કચ્છ)

***મુંભઈજા માડુ કેડી જિંધગી ગુજારિયેં***
***ખેં ધરેં ને ઓગાર ઠેસનેં તે વારીએ!***

**કચ્છી શબ્દાર્થ : ખેં = જમે, ઓગાર = ઓડકાર-વાગોળવું, ઠેસન = સ્ટેશન**

**ભાવાર્થ :** આજે શહેરોની અતિ આધુનિક જીવનશૈલીનાં કરુણતાના ભોગ બનેલ લોકો પર બે પંક્તિોમાં કટાક્ષ રીતે રજુઆત કરી ઘણું બધુ કહેવાની કલા કવિશ્રી **તેજ**ને હસ્તગત છે જ. તેનું આ એક ઉત્તમ દષ્ટાંત છે.

વતન કચ્છનાં સીમાડામાં નિસર્ગના વાતાવરણાં નિરાંતની જિંદગી વિતાવનાર આ કવિને મુંબઈ જેવા મોટા શહેરોનાં દુઃખદ અનુભવો છે. ઘડિયાલનાં કાંટે દોડતા માનવીઓનું વર્ણન કરતાં કવિ કહે છે કે બે રોટલી મેળવવા સતત પરિશ્રમ કરતો આ માનવી સુખેથી બે કોળિયા પણ ખાઈ શકતો નથી. મુલુંડ, ડોમ્બીવલી કે ભાયંદર વિરારથી ૧૦.૪૦ની ડબલ ફાસ્ટ પકડવાની લાહ્યમાં માંડ માંડ લુસ લુસ જમીને કામે દોડતો પડે છે. અને તેનો ઓડકાર સ્ટેશનો પર વાળતો હોય છે આ દુખદ શૈલીમાં છેવટે પાચનતંત્રોના રોગોનો ભોગ બનતો હોય છે.

આર્યુવેદમાં નિર્દેશન કરેલ છે કે નીરોગી રહેવા જમ્યા પછી સો પગલાં ચાલો અને ૧૦ થી ૧૫ મિનીટ વામકુક્ષી કરો પણ મુંબઈગરાને એ ક્યાંથી નસીબ!

આધ્યાતમીક રીતે વિચારીએ તો માનવી ભવિષ્યમાં સુઃખી થવાનાં સ્વપનોને સાકાર કરવા વર્તમાનની આનંદની ક્ષણોને પણ ગુમાવી દઈ સતત તણાવમય જીવન જીવતો હોય છે.

"કુરો કંઈયાં, ટાઇમ જ નાંય" નાં સુત્ર સાથે સતત જીવતા, સુઃખ સાહેબીમાં રહેવા માટે મૃગજળની પાછળ રઘવાયા બનતાં મોટાં શહેરોનાં નિવાસીઓ પર આ કાવ્યમય કટાક્ષ રજુ કરી આપણને આશ્ચર્યચકિત તો કરી દે છે પણ સાથે સાથે આડકતરી રીતે નિરામય જીવન જીવવાનો સંદેશ પણ આપે છે જેથી ભવિષ્યમાં કુદરતી ઉપચાર કેન્દ્રોની મુલાકાતો ના લેવી પડે.

## જૈન માયનોરીટી

ભારતની કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા જૈન સમાજને અલ્પ સંખ્યાંક (minority) દરજ્જો સત્તાવાર જાહેર થાય તો તે રૂએ મળતા લાભો લઈ શકાય જેમ કે, શિક્ષણ અંગે શાળા-કોલેજ પ્રવેશ અને શિક્ષણ ખર્ચમાં મળતી રાહત વગેરે. આ ઉપરાંત પણ કેટલાક વિશિષ્ટ લાભ અને આરક્ષણ હોય છે જેનો લાભ મળી શકે. જોકે કેન્દ્ર સરકારે હજી સુધી આવી જાહેરાત કરી નથી.

આ બાબતે જેમને પણ પુરી માહિતી હોય તે સૌની જાણ ખાતર લખી મોકલવા કે એ અંગેનું કંઈપણ સાહિત્ય-માહિતી હોય તો સમસ્ત જ્ઞાતિની જાણ માટે મોકલવા વિનંતી છે. એ માહિતી ઉપયોગી થશે.

દરેક રાજ્યમાં અલગ અલગ શાસકીય નિર્ણય લેવાયા છે તે નોટીફીકેશનની નકલો પ્રાપ્ત કરી લેવી. માહિતી અધિકાર હેઠળ દરેક રાજ્ય પ્રશાનનને વિનંતી અરજી કરી પ્રવર્તમાન માહિતી મેળવી શકાશે. રાજ્યના મુખ્યમંત્રી, રાજ્યપાલ, ઉપમુખ્યમંત્રી આદિના કાર્યાલય કે સેક્રેટરી ઓફિસથી માહિતી ઉપલબ્ધ થઈ શકે છે. રાજ્યના અલ્પ સંખ્યાંક આયોગ પાસેથી પણ જરૂરી વિગત મંગાવાઈ છે. જે મળેથી જાહેર કરાશે.

આ અલ્પ સંખ્યાંક ઠરાવનો અમલીકરણ ક્યાં ક્યાં છે તેની પણ માહિતી મળી શકે. એ નિર્ણયને આધીન કઈ કઈ શાળા-કોલેજો અને સંસ્થાઓમાં લાભ મળી શકે છે. તેની પણ યાદી મળી શકે જે જાહેર થવાથી સમાજ એ લાભ લઈ શકે.

આપણી જ્ઞાતિમાં જ્ઞાતિસ્તરે વસતીપત્રક મુજબ કોઈ પણ જ્ઞાતિસભ્યને **જૈન માયનોરીટીના સર્ટીફીકેટ** નિયત અરજી કરવાથી **મુંબઈ મહાજનશ્રી**ના મસ્જીદબંદર કાર્યાલયેથી મેળવી શકાય છે. સંપર્ક ફોન નં.૦૨૨-૩૪૪૪૮૨૭૪

એવી જ રીતે અમુક શાળા-કોલેજો કે સંસ્થાઓમાં ગુજરાતી સમાજ માટે પણ આરક્ષણ કવોટા હોય છે તો તેની માહિતી પણ કોઈ પાસે હોય તો મોકલવા વિનંતી છે. દા.ત.ગુજરાતી સમાજનું પ્રમાણપત્ર હોય તો સોમૈયા કોલેજ-મુંબઈમાં તેનું ખાસ આરક્ષણ છે અને તે કવોટામાંથી લાભ મળી શકે. અને કચ્છી સમાજનું પ્રમાણપત્ર હોય તો એન્કર કોલેજ-ચેમ્બુરમાં કચ્છીઓ માટે આરક્ષણ ક્વોટા હોય છે તેનો લાભ મળી શકે. સમગ્ર જૈન સમાજે આ પ્રશ્ને સામુહિક સર્વગ્રાહી લડત ચલાવી યથાયોગ્ય કરવું જોઈએ. જાણકારી મુજબ, જૈન સમાજનાં કેટલાક સંપ્રદાયો આ પ્રકારે કોઈ “લઘુમતિ” લેવા ઉત્સુક નથી કે એ દરજ્જો લેવામાં માનતા નથી એટલે એ કાર્ય ઢીલમાં પડ્યું છે.

**સમસ્ત જ્ઞાતિ મહાજન** દ્વારા સમગ્ર ભારતમાં જ્ઞાતિ જનજાગણ-સંપર્ક અભિયાન અંતર્ગત બેઠકોમાં આ વિષે દરેક ઠેકાણે ચર્ચા થઈ અને ઉપલબ્ધ માહિતીની આપ-લે થઈ. કચ્છ-દેશાવળ વસતા જ્ઞાતિજનો પણ આ જૈન માયનોરીટીનો લાભ લઈ કે તે માટે જ્ઞાતિસ્તરે પ્રયત્ન કરવા જરૂરી છે.

સમસ્ત જ્ઞાતિ મહાજન આ વિષયે જ્ઞાતિજનોના હિતાર્થે સહાયભુત થવા સતત પ્રયત્નશીલ છે. વધુ વિગત સંપર્ક ફોન : ૦૨૨-૨૫૯૦૩૫૧૪-૧૫-૧૫/ ૦૯૩૨૩૩૬૦૭૦૮

આ સંબંધે **“જીતો”** જેવી સંસ્થાનો પણ લાભ લઈ શકાય. આ ઉપરાંત જૈન સમાજના દરેક ઘટકોએ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે સત્તાવાર માગણી, નિવેદન રાખી સતત ફોલોઅપ અને રાજકીય વગનો ઉપયોગ લઈ વિદ્યાર્થીઓના લાભાર્થે સરકારી યંત્રણાનો લાભ લેવો જોઈએ.

અહીં સૌની જાણ માટે મહારાષ્ટ્ર સરકારના એ સંબંધી નિર્ણયની નકલ પુનઃ પ્રસ્તુત કરીએ છીએ.



राज्यातील जैन समाजास अल्पसंख्याक
समाज म्हणून घोषित करण्याबाबत.

महाराष्ट्र शासन
सामान्य प्रशासन विभाग
शासन निर्णय, क्रमांक:आरएमएन-२००३/१२१६/प्र.क्र.११४/०३/३५
मंत्रालय, मुंबई - ४०० ०३२.
दिनांक :- ७ मे, २००४.

शासन निर्णय :-

राष्ट्रीय अल्पसंख्याक आयोग अधिनियम, १९९२ अन्वये केंद्र शासनाने मुस्लिम, ख्रिश्चन, शीख, बुध्दिस्ट व झोराष्ट्रीयन (पारसी) या समाजांना अल्पसंख्याक समाज म्हणून घोषित केलेले आहे. त्यामुळे राज्यातही या समाजांना अल्पसंख्याक समाजास अनुरूप असलेल्या सुविधा उपलब्ध आहेत. राज्यातील जैन समाजाकडून वरील पाचही समाजाप्रमाणे त्या समाजासही अल्पसंख्याक समाज म्हणून घोषित करावे, अशी मागणी करण्यात आलेली होती व ती शासनाच्या विचाराधीन होती. शासनाने याबाबत सारासार विचार करून राज्यातील जैन समाजास अल्पसंख्याक समाज म्हणून घोषित करण्याचा निर्णय घेतला आहे.

महाराष्ट्राचे राज्यपाल यांच्या आदेशानुसार व नांवाने.

(यु.पी.एस. मदान)
सचिव, महाराष्ट्र शासन.

## સાભાર-સ્વીકાર:"નવકારનો રણકાર શતક અંક"

બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારનું માસિક મુખપત્ર **"નવકારનો રણકાર"**નો **૧૦૦મો** અંક મળ્યો.. સાભાર-સ્વીકાર. નવકારમંત્ર સાધક શ્રી જયંતભાઈ રાહીની પ્રેરણા-માર્ગદર્શને, તંત્રીશ્રી ચીમનભાઈ કલાધર અને માનદ સંપાદકો શ્રી સોમચંદ વેલજી લોડાયા (આરીખાણા-મુલુન્ડ) અને વાસંતીબેન રમેશ સોનીના સંકલનથી "નવકારનો રણકાર"નો શતક અંક **સાધર્મિક ભક્તિ વિશેષાંક** તરીકે પ્રકાશિત થયો છે.

જૈન સંસ્કૃતિ અને દર્શનમાં સાધર્મિક ભક્તિનો મહિમા સુપેરે પ્રસ્થાપિત છે જેની અનેકવિધ પાસાઓની માહિતી આ અંકમાં સંપાદિત કરાઈ છે.

અંકમાં સંકલિત થયેલ પૂ. આચાર્યશ્રીઓના મનનીય લેખો, સાધર્મિક ભક્તિની વ્યાખ્યા, મહિમા, દષ્ટાંતો, કથાઓ, કાવ્યો, અને સાધર્મિક સહાયતાના કેન્દ્રો (નામ-સરનામા-ફોન સહ) સંસ્થાઓ તથા તેમના પરિચય, વૃધ્ધાશ્રમોની માહિતી આદિ ઉપયોગી જ્ઞાનભંડાર એકત્ર કરાયો છે. નવકાર મહામંત્ર મહિમાના મંથનીય-પ્રેરક અનુમોદનીય લેખો અને પંચ પરમેષ્ઠિ પરિવારની પ્રવૃતિઓનો પણ સવિસ્તર ઉલ્લેખ છે. સાધર્મિકભક્તિનાં શ્રાવકના કર્તવ્ય વિષે ઉદાહરણીય પ્રસંગો અને તેના લાભની વાતો સંપાદિત કરાઈ છે જે ઉત્કૃષ્ટ જહેમતનું કાર્ય છે. તંત્રીશ્રી અને સંપાદકોની મહેનતને સલામ.. હાર્દિક અભિંદન..

વિશેષતઃ જરૂરતમંદ સાધર્મિકો માટે ઉપયોગી માહિતી સંકલન અને ઢળતી ઉંમરે આધારરૂપ સુવિધાઓની માહિતી પણ એકત્ર કરી છે. શાસ્ત્રોમાં કહેવાયેલી આ મહાધર્મની વાતને સાદી સરળ લોકભોગ્ય ભાષામાં રાખવાની ભાવના ખરેખર વંદનીય છે. અનેક જ્ઞાની ગુરૂમહારાજોની કલમે લખાયેલા લેખ સાધર્મિક ભક્તિનો ધર્મ અને મર્મ સમજાવે છે. ૨૦૮ પાનાના આ દળદાર અંકનું જ્ઞાન, મહત્વ અને આકર્ષક સુઘડ પ્રિન્ટીંગ સહ ક્લેવર શતક અંકને દીપાવે છે. સંપાદકોની મહેનત સરાહનીય છે. ભાવિકો માટે વાંચન મનનીય અને સંગ્રહપાત્ર છે. નિશુલ્ક વિતરણ એ વળી વિશેષ સાધર્મિકભક્તિનો ભાવ પ્રકટ કરે છે. આ માહિતીસભર વાંચન સમાજને ખુબ ઉપયોગી બની રહેશે.

## અચલગચ્છની પટ્ટાવલીની વિદેશમાં નોંધ

અચલગચ્છ જૈન સંઘના આચાર્યોની પટ્ટાવલીઓનું ગ્રંથ પ્રશસ્તિઓ, ઐતિહાસિક રાસો, તીર્થાવલીઓ, શિલાલેખો મૂર્તીલેખોનાં આધારે ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ કચ્છ-મંજલ રેલડીયાનાં શ્રાવક જ્ઞાતિજન **શ્રી ભીમશી માણેક** "અચલગચ્છ પટ્ટાવલી" પ્રકાશિત કરી હતી.. ત્યારબાદ જર્મનીનાં વિદ્વાન પ્રોફેસર ડો. જહોન્નેસ કલાર્ટે "ઈન્ડિયન એન્ટીક્વેરી"નાં ત્રેવીસમાં પુસ્તકમાં જર્મન ભાષામાં પટ્ટાવલી લખી છે ત્યારબાદ ફ્રાંસના ડો. બ્રુહલરે "એપીગ્રાફિયા ઈન્ડિયા"માં અને ડો.. એ. ગેરીનોટે ''Repertoire Depirgraphile Jaina'' નામના ફ્રેન્ચ ગ્રંથમાં અચલગચ્છની પટ્ટાવલી પ્રકાશિત કરી છે.

આ ઉપરાંત જ્ઞાતિનાં જ **શ્રી પાર્શ્વે** "અચલગચ્છ દિગ્દર્શન" ગ્રંથમાં સમગ્ર અચલગચ્છના આચાર્યો-મુનિભગવંતોના જીવનચરિત્રો ખુબજહેમતે સંકલિત-અંકિત કર્યા છે. એ પણ આપણી જ્ઞાતિનું ગૌરવ છે.

ઈન્ટરનેટ-ગુગલ અને ફેસબુક જેવા તંત્રજ્ઞાનના જમાનામાં આજનો અચલગચ્છનો યુવાવર્ગ શું આ બાબતોથી પરિચિત છે? જ્ઞાની ગુરુવરો, પ્રતિભાશાળી આચાર્યો જીવનચરિત્રોનું વાંચન-મનન કરીને તેમના ચારિત્ર્ય વારસાની પ્રેરણા લઈશું. આપણા ગચ્છના આ અમુલ્ય વારસાને સાચવીએ. એનો અભ્યાસ કરી ગચ્છના ઉત્થાન-ઉત્કર્ષ માટે સર્વથા યોગદાન આપીએ.

## અચલગચ્છ દિગ્દર્શન

અચલગચ્છ-વિધિપક્ષ ગચ્છના પ્રવર્તનથી વર્તમાન સુધીની શાનદાર સફર... પૂ. આચાર્યો, ઉપાધ્યાયો, ગણિવર્યો અને મહામુનિઓના ત્યાગ તપોભાવનાની પરંપરા અને ૯ સદીની પ્રતિભાશાળી પરંપરા પટ્ટાવલી વર્ણવતો જાજરમાન ઈતિહાસ કડીબધ્ધ રીતે પ્રસ્તુત કરતું અમુલ્ય ગ્રંથ એટલે **"અચલગચ્છ દિગ્દર્શન"** જેના લેખક છે જ્ઞાતિના શ્રી પાર્શ્વ.

જેમ દરેક સંપ્રદાયનાં પોતપોતાના મહત્વનાં ધર્મગ્રંથો-શાસ્ત્રો હોય છે. જેમ કે હિન્દુનું "ગીતા", મુસલમાનનું "કુરાન", ખ્રીસ્તીનું "બાઈબલ", જૈનોનું "કલ્પસુત્ર" છે. એમ અચલગચ્છના દરેક ચતુર્વિધ સંઘની ૯૦૦ વર્ષની આપણી જાહોજલાલીભરી પરિસ્થિતી દર્શાવતો મહાનગ્રંથ એટલે લેખક **"પાર્શ્વ"** લિખીત **"શ્રી અચલગચ્છ દિગ્દર્શન"** જેમાં અચલગચ્છનાં સાધુ-સાધ્વીઓ, દશવૈકાલિક, જ્ઞાનસાર, વિતરાગ સ્તોત્ર, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ આદિ કંઠસ્થ કરે છે. તેમ ચતુર્વિધ સંઘના દરેકને ફરજીયાતપણે ૩ અચલગચ્છાધિપતિનાં જીવન ચરિત્રો, ગચ્છની ૯૦૦ વર્ષની મહત્વની ઘટનાઓ વગેરે છે. એ અચલગચ્છ દિગ્દર્શન દરેકે વાંચી-મનન કરી તેને કંઠસ્થ કરવું રહ્યું ! એક અભ્યાસક્રમ તરીકે પાઠશાળાઓમાં એને ભણાવવામાં આવે. જેથી આવનારી પેઢીને ખ્યાલ આવે. વર્તમાન સમયની ગચ્છની પરિસ્થિતી જોતાં "અચલગચ્છ મેં કીં નાય" એવું બોલવાવાળી વ્યક્તિઓને ગ્રંથથી ઘણી સમજ મળી શકે એમ છે ચાલો, એ ગ્રંથને આપણએ વધાવી લઈએ. દરેક સંઘે-સંસ્થાએ એ ગ્રંથ વસાવવા જેવું છે.

*- સોમચંદ વી. લોડાયા (મુલુન્ડ)*

# ક.દ.ઓ. જ્ઞાતિના ૮મા વસતીપત્રક અંગે અગત્યની સુચના

૮મા વસતીપત્રકના ફોર્મ ભરાઈને ગામેગામથી પાછા આવી રહ્યા છે. સર્વે મહાજનો/સંઘોને જ્ઞાતિજનોનો ઉત્સાહપ્રેરક પ્રતિભાવ માટે આભાર. સર્વે મહાજનો/સંઘ/જ્ઞાતિજનોને વિનંતી છે કે આપને મળેલ વ.પ.ના ફોર્મ ભરીને સમયસર પહોંચાડશો.

**જ્ઞાતિજનોને અંગ્રેજી/ગુજરાતીમાં આપેલ માર્ગદર્શિકા નિરાંતે વાંચીને ફોર્મ ભરવા જણાવશો.** વહેલી તકે સૌ ભરેલ ફોર્મ ભેગા કરીને વ.પ.સમિતિને મોકલવાનું કરશો. ફોર્મ મોકલતાં પહેલાં તમને ફોર્મ મળે ત્યારે, તપાસીને, ફોર્મ યોગ્ય રીતે ન ભરાયું હોય કે વિગત ભરવાની બાકી હોય તો તે ભરાવી લેશો. ગત વ.પ.મુજબ નામમાં ફેરફાર, છુટાછેડા, જન્મ એવં લગ્નની તારીખમાં ફેરફાર હોય તો તે જ્ઞાતિજન પાસેથી ઉપલબ્ધ પ્રૂફ સાથે મોકલવાનું કરશો. અધુરી માહિતીવાળા ભરાયેલા ફોર્મની વિગત ફરી મુંબઈથી ફોન કરીને મેળવતાં કે તેના પ્રુફ મેળવતાં ઘણો સમય લાગી જાય. **જો પ્રુફ ન મળે તો ૭મા વ.પ.ની વિગત ના આધારે લેવાશે.** સૌ સુજ્ઞ પ્રતિનિધિઓને જરા ચોક્સાઈ વર્તવા વિનંતી છે. આપણે ચોક્કસ સમયમાં વ.પ. બહાર પાડવાનું હોઈ જાગૃતતા રાખશો.

**ઘરમાં જેટલા જણ હોય તે બધાયના ફોટા જરૂરથી મોકલશોજી.**

અભ્યાસ પુરો થયેલ મોટી ઉમરનાં જ્ઞાતિજનોના ભણતરની કોલમમાં ૭મા વ.પ.ની વિગત અને હાલમાં ફોર્મમાં જણાવેલ વિગતમાં બહુ ફેરફાર આવી રહ્યા છે. હકીકતમાં આવા ફેરફાર હોય તો વિગતવાર લખશો. જ્ઞાતિજનોના કુટુંબના ફોર્મમાં જ્યાં હાલનું સરનામું આપવાનું છે ત્યાં વિગત પૂરેપૂરી ભરશો. સર્વેક્ષણ ફોર્મમાં સર્વ જાણકારી આપશો કે જેથી જ્ઞાતિનું હાલનું ચિત્ર આંકડામાં/સ્થિતિમાં સારી રીતે જણાવી શકાય. જ્ઞાતિજનોની વ્યવસાયિક / ધંધાકિય માહિતી જે વ્યક્તિગત ફોર્મમાં બીજે પાને “P” માં આપવાની છે તે જનરલી યોગ્ય રીતે (ચોક્કસ) ભરાતી નથી. આપ વ્યવસાય/ધંધો/નોકરી/ગૃહઉદ્યોગ કરતા હો તે જણાવશો. કંપનીનું નામ, સરનામું અને આપ ક્યા હોદાએ કામ કરો છો તે જણાવશો. પાર્ટટાઈમ માત્ર (✓)માં કરાય છે. પરંતુ તેમાં પુરી વિગત/સમય આપવાનું જરૂરી છે. બધા મોટા ગામ જ્યાં સંઘ/મહાજન છે ત્યાં ફોર્મ તે સંસ્થાઓને મોકલાયા છે. નાના ગામોમાં રહેતા જ્ઞાતિજનોને કુરીયર/સ્પીડ પોસ્ટથી તેમને સીધા મોકલાયા છે. ફોર્મ ન મળે તો જણાવશો. દરેક ગામમાં નવા રહેતા જ્ઞાતિજનો તેમના ગામના સંઘ/મંડળ/મહાજનોનો સંપર્ક સાધે અને પોતાની વિગતો નોંધાવીને ફોર્મ મેળવી લે. જે કુટુંબમાં દીકરો/ભાઈ છુટા રહેવા ગયા હોય તેઓએ કૌટુંબિક ફોર્મની ઝેરોક્સ કરીને ફોર્મ છુટા કરી લેવા.

મુંબઈમાં દરેક પરાંના મંડળ/સંઘને ફોર્મ સોંપાયા છે. તેમનું લીસ્ટ પ્ર.સ.માં જણાવેલ હતું. તેમનો સંપર્ક સાધશો. નહીં તો કાર્યલયથી વિગત મેળવી લેશો. દા.ત. ડોંબીવલીમાં સ્થળાંતર બહુ (સરનામા ફેરબદલ) છે. ત્યાં રહેતા જ્ઞાતિજનો મંડળનો સંપર્ક સાધે અને વિગત આપીને ફોર્મ મેળવી લે. અંધેરી/શાંતાક્રુઝ/પાર્લા/વરસોવા/જુહુમાં રહેતા જ્ઞાતિજનો શ્રી પરેશ મેઘજી મોમાયા, એ-૬ પરેશ સદન, મથુરાદાસ વિસનજી રોડ, નટરાજ સ્ટુડિઓ સામે, અંધેરી (પૂર્વ) મો. ૯૮૨૦૩૨૧૮૭૯નો સંપર્ક સાધીને ફોર્મ મેળવી લે.

આગામી વસતી પત્રકમાં જ્ઞાતિની સર્વ વિગતો સારી રીતે આવી શકે તે માટે સહકાર આપશો. **જેમના નામ વ.પ.માં નથી તેઓને કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે.**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ**

**સંપર્ક : વિનોદ ધુલ્લા-૯૮૨૦૦૨૩૩૬૬ ● રમેશ મોતા-૯૮૧૯૬૫૫૨૫૯**

**કાર્યાલય સંપર્ક : ૯૯૨૦૮૫૫૨૫૯/૯૬૧૯૩૪૩૭૯૩ Email : kdovasti@gmail.com**

## ભગવાન મહાવીર બોલીવુડમાં...?  - *પ્રવીણ લોડાયા (વડોદરા)*

વડોદરામાં જૈન સંઘના ઉપક્રમે પૂ.પન્યાસ ચંદ્રજીત વિજયજી મહારાજ સાહેબે એક ચિંતન શિબિર યોજી હતી. ચિંતન શિબિરની નિમંત્રણ પત્રિકામાં લખ્યું હતું કે, "ભગવાન મહાવીરનો ધર્મ સહુના હૃદય સુધી પહોંચે."

તેમજ જૈન સંઘ ધારે તો યહુદી પ્રજાની જેમ વિશ્વ ઉપર પોતાનો પ્રભાવ પાથરી શકે."

હવે આ બે મુદ્દા ઉપર ચર્ચા કરીએ. ભગવાન મહાવીર જૈનોનાં પ્રાણ છે એમની "રિલેવન્સ" (પ્રસ્તુતિ) એમણે આપેલા મહાન સિધ્ધાંતોથી નહિ. જબરદસ્ત તત્વજ્ઞાનથી નહિં પરંતુ ઇલેકટ્રોનિક્સ્ માધ્યમોનાં થઈ રહેલા બ્રાન્ડીંગથી કરવું છે.

ગણેશજીના અને હનુમાનજીના એનીમેશન ટીવી પર આવે છે. કેટલા લોકોએ એનામાંથી પ્રેરણા લીધી? હવે ભગવાન મહાવીર, જે ભગવાનને ઑક્સફર્ડ યુનિવર્સિટીએ દસ હજાર વર્ષોમાં જે ચાર મહામાનવો થઈ ગયા તેમાં સ્થાન આપ્યું છે તે મહામાનવ માટે આપણને આવી સસ્તી પબ્લીસિટી કરવી છે? હવે ભગવાન મહાવીર પણ બોલીવુડ સ્ટાઇલે રૂપેરી પડદે જોવા માટે તો આશ્ચર્ય નહી પામતા...

એના પછી બીજી ચિંતન-શિબિરમાં આપણે ચર્ચા કરશું કે પ્રભુ મહાવીરની માતા ત્રિશલા રાણીનો રોલ કોણ કરશે? કેટરીના કેફ, કરીના કપુર કે પ્રિયંકા ચોપડા? આ લખવાનું કારણ પૂ.મ.સા.એ "એક થા ટાઈગર"ની વાત કરી હતી. આપણે અને આપણા ધર્મગુરૂઓ ક્યાં જઈ રહ્યા છે તેની સમજ પડતી નથી!

ધર્મગુરૂઓને પોતાની પ્રસિધ્ધિ કરવી છે. ભલે વિશ્વમાં ભગવાન મહાવીરની છબી ખરડાય. પણ પોતાના નામને અમર કરવું છે. આજે કરુણતા એ છે કે, ધર્મ જેવા સત્યના સૂર્યને પણ સાબિતી લાગે છે, દરેક વાતનું માર્કેટીંગ કરવું પડે છે અને મૂળભુત સત્યોને ક્ષુલ્લક ફિલ્મી સ્ટાઇલનાં બીંબામાં ઢાળવું પડે છે. સ્તવનો પણ એ ફિલ્મી ગીતોના રાગપર, અને ભાવના, કાર્યક્રમો અને હવે સામાયિકમાં પણ એવી મનોરંજક મસાલાની રમતો રમાડીને ધર્મ શિખાવવું પડે છે. સો ટચના સોનાને પણ રોલ્ડગોલ્ડ ઢાળ ચડાવી ચમક લાવવી પડે છે તો જ માલ ખપે. છે ને વિચિત્રતા !

મહાવીર વિચાર, બુધ્ધ વિચાર, ક્રાઇસ્ટ વિચાર, મોહમ્મદ વિચાર આ તમામના પ્રચાર, પ્રસાર, એમના આદર્શોને એમના તત્વજ્ઞાનને જીવનમાં ઉતારવામાં કોઈને રસ નથી. રસ છે ફક્ત પૈસામાં, ઇટસ્ ઓલ એ બાઉટ મની!

કાળદેવતાએ દીવાલ પર નહિ, આસમાન પર અન્ડરલાઈન કરીને આ જે સત્ય લખ્યું છે, તેનું નામ છે : **રૂપિયાની જીત!**

બુધ્ધિઝમ જાપાન, ચીન જેવા દેશોને લીધે દુનિયામાં ટકી ગયું. જેને હાઇટેક લાઈફ સ્ટાઇલ અને ઇલેક્ટ્રોનિક્સ માર્કેટના દબદબાને બૌધ્ધ ધર્મના સમ્યક માર્ગ સાથે નહાવા નીચોવવાનો સંબંધ નથી. આપણો પણ સમ્યગદર્શન, કેવલજ્ઞાન સાથે નહાવા નીચોવવાનો સંબંધ રહેશે નહીં.

પૂજ્ય મહારાજે સાહેબે બીજી વાત કહી યહુદી પ્રજાની જેમ વિશ્વ ઉપર જૈનોનો પ્રભાવ પાથરવાની.

લોકો હસે છે આપણા ઉપર સાહેબ, આ વર્ષે બે આપણી અને એક દિગંબરોની એમ ત્રણ-ત્રણ પર્યુષણ આવી છે. તેમાંય તપાગચ્છમાં બે-બે દિવસ પાંચમના પ્રતિક્રમણ થશે. આ બધા વિવાદો ગહનકાળથી ચાલ્યા આવે છે. આવા અનેક મતભેદો આપણે મિટાવી શક્યા નથી અને જઈએ છીએ યહુદીઓની જેમ વિશ્વભરમાં ડંકો વગાડવા.

પહેલાં તો વાડાબંધી દૂર કરો. અચલગચ્છના સાધુઓને અનુસચિત જાતિ અને સ્થાનકવાસીઓના સાધુઓને અનુસુચિત જનજાતિ માનવાનું બંધ થાય, **સમસ્ત જૈનો એક થાય. એક જ પ્લેટફોર્મ આવે** પછી જ આપણે ભગવાન મહાવીરના સંતાનો કહેવાને લાયક થયું.

ભગવદ ગીતામાં ભલે "જ્યાં ધર્મ છે, ત્યાં જય છે" એવું કહેવાયું હોય, ખરેખર તો ધર્મ છે ત્યાં વિવાદ છે.

ધર્મ પણ ઘણીવાર આપણે ત્યાં કસદાર, મલાઈદાર ધંધો છે. એની પ્રોફિટેબિલિટી વધે, એ માટે ઘણા પૂજ્ય ગુરૂશ્રીઓએ, જપ, કર્મકાંડ, યાત્રા, ઉત્સવ, પૂજાનો એટલો મહિમા ફેલાવ્યો છે કે મૂળ વાતનો અર્થ પકડવાની તસ્દી લેવા કોઈ નવરું જ પડે નહિં!

મંદિરો બાંધો, ધર્મ પ્રસારાર્થે પ્રવચનો આપો, અનુયાયીઓના પૈસા ભેગા કરી એમને પૈસાથી મુક્ત થવાનો ઉપદેશ આપ્યા કરો!

જૈન ધર્મમાં આ પર્વનો સમય છે. ઉત્સવનો સમય છે. દરેક સંપ્રદાયનો અનુયાયી રાજકીય પક્ષોના કાર્યકર્તાની જેમ પોતાના સંપ્રદાયના ધર્મને શ્રેષ્ઠ સમજે છે. અત્યારે આપણે આ કાળમાં, જૈન ધર્મમાં નથી પણ સંપ્રદાયમાં છીએ.

કારણ કે જેટલા ઝેર શ્રાવકોમાં છે તેનાથી પણ વધારે, હું મિચ્છામિદુક્કડં માગીને કહું છું કે, આપણને **દોરવનારમાં** છે.

વિશ્વની કુલ વસતિની દૃષ્ટિએ હાંસિયાની પણ છેવાડે ધકેલાઈ ગયેલા મૂળ સંદેશમાં પ્રત્યેક પ્રાચીન ધર્મની માફક ઘણી એવરગ્રીન વાતો છે. પણ સમજાવે કોણ?

પ્રજ્ઞાવાન માનવનો ધર્મ છે, જે શાશ્વત અને શ્રેષ્ઠ લાગે તે અને તેટલું જ પકડવું. ધાર્મિક ચિંતન આજકાલ રોડ એક્સિડેન્ટ જોવા ટોળું ઉભરાય એમ શબ્દોથી ઉભરાઈ પડયું છે. બધા જ શબ્દ રમતના, પારવધા, કિમિયાગર થઈ ગયા છે. શબ્દોના ઘોડાપૂરમાં જે મેલ તરતો આવે એનું નામ દંભ છે. આવો દંભ આપણા ધર્મમાં પેસી ગયો છે.

જૈન ધર્મના ખરા આદર્શોને પચાવી જનાર ચોવીસ કેરેટના, સવાયા જૈન, ગાંધીજી કરતાં પણ આપણે સવાયા થઈએ ત્યારે જ આપણે ભગવાન મહાવીરના સંતાન કહેડાવવા લાયક બનીશું.

## જ્ઞાતિના એકમેવ સાંસદ – શ્રી ભવાનજીભાઈની વિદાય–એક યુગનો અસ્ત

શ્રી ભવાનજી અ. ખીમજીના અવસાન સાથે જ્ઞાતિની પ્રગતિના એક ભવ્ય યુગનો અંત આવ્યો છે. આપણી જ્ઞાતિ જે રીતે જ્ઞાતિ હિતના અનેક સુંદર કાર્યો માટે પ્રખ્યાત છે, તેવી રીતે અંતર અંદરના અને કોર્ટના ઝગડાઓ માટે પણ વિખ્યાત છે. જ્ઞાતિને નવા યુગને અનુરૂપ સાચી એકહથ્થુ દોરવણીનો યુગ ડો. મૈશેરીના નેતૃત્વથી શરૂ થયો ને તેનો દોર શ્રી ભવાનજીભાઈએ સંભાળી લીધો. શ્રી ભવાનજીભાઈએ જ્ઞાતિ મહાજન, વિદ્યાર્થીગૃહ, વિદ્યાલય, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા બીજા અનેક ટ્રસ્ટોના પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે એક યા બીજે વખતે દોરવણી આપી, સંસ્થાઓને નવા યુગને અભિમુખ કરી છે. એવી જ્ઞાતિની કોઈપણ માતબર સંસ્થા ભાગ્યે જ હશે કે જેમાં શ્રી ભવાનજીભાઈ અધિકારી તરીકે કે ટ્રસ્ટી તરીકે એક યા બીજા વખતે ન સંકળાયેલા હોય, ને તેના વિકાસમાં ફાળો ન આપ્યો હોય.

શ્રી અનંતનાથજી ટ્રસ્ટને વ્યવસ્થિત કરી તેની સ્કીમ બનાવવામાં શ્રી ભવાનજીભાઈનો અગત્યનો ફાળો હતો. તે પ્રમાણે ૧૯૫૮ પહેલાનાં મહાજનશ્રીના પહેલા સુવ્યવસ્થિત બંધારણને સુગ્રથિત કરવામાં પણ શ્રી ભવાનજીભાઈનો ફાળો અગ્ર હતો.

જ્યારે જ્ઞાતિ સંમેલન ભરાયું ત્યારે શ્રી ભવાનજીભાઈનું નામ કોઈપણ પ્રકારના વિરોધ વિના તેના પ્રમુખ તરીકે વધાવી લેવામાં આવ્યું. જ્ઞાતની કારકિર્દીમાં પહેલીવારજ-ને કદાચ છેલ્લીવાર ભરાયેલું એ સંમેલન તેની સફળતા માટે શ્રી ભવાનજીભાઈની કુનેહને આભારી છે. શ્રી ભવાનજીભાઈએ વિધવા વિવાહ, નાની ન્યાત ને એવા નાજૂક પ્રશ્નો ઉપર જ્યારે નાતની એકતા તૂટવાની અણી આવી ત્યારે ભારે દીર્ઘદૃષ્ટિથી ઝઘડતા પક્ષોને પોતાની નાત પ્રત્યેની ફરજ પ્રથમ છે; તેનું ભાન કરાવ્યું હતું.

શ્રી ભવાનજીભાઈએ શૈક્ષણિક સંસ્થાઓ માટે ઘણું કર્યું છે, પણ તેમણે આ સંમેલન પ્રસંગે ઉચ્ચ શિક્ષણ માટે જે કર્યું તેને નાત કદી વીસરી શકશે નહીં. ઉચ્ચ શિક્ષણ માટે લાખો રૂપિયાનું ફંડ એકત્ર કરી, શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટની સ્થાપના કરી, જ્ઞાતિની ઉચ્ચ શિક્ષણની ભૂખ સંતોષવા એક સબળ સાધન પૂરૂં પાડવા તેઓ નિમિત્ત બન્યા, જેનું પરિણામ આપણને આપણી જ્ઞાતિમાં ઉચ્ચ શિક્ષણના થયેલ ગણનાપાત્ર ફેલાવામાં માલુમ પડે છે.

ત્યારબાદ કોંગ્રેસની સામ્પ્રદાયિક કે કોમી સંસ્થાઓમાં કામ ન કરવાની હાકલને માન આપી શ્રી ભવાનજીભાઈએ જ્ઞાતિ સંસ્થાઓમાંથી રાજીનામું આપ્યું હોવા છતાં, જ્ઞાતિની સંસ્થાઓમાં તેમણે પોતાનો રસ જાળવી રાખ્યો હતો ને જ્યારે પણ માર્ગદર્શનની જરૂર પડી ત્યારે પોતાનું સમતોલ માર્ગદર્શન આપ્યું હતું.

જ્ઞાતિ ઝઘડાઓમાં છિન્નભિન્ન થઈ રહી હતી, ત્યારે જેને સહુ પોતાના એકમેવ આગેવાન તરીકે સ્વીકારતા હતા, તેવા શ્રી ભવાનજીભાઈની ખોટ પૂરી શકાશે નહીં. પોતાની નાદુરસ્ત તબિયતને કારણે, જ્ઞાતિના મજકુર જટિલ પ્રશ્નને પોતે હાથમાં લઈ ઉકેલવા અશક્ત હોવા છતાં, જરૂર પડે પોતે દરેક પ્રકારની જવાબદારી ઉઠાવવા કે માર્ગદર્શન આપવા તૈયાર છે, તેવી ઇચ્છા શ્રી ભવાનજીભાઈએ બતાવી હતી, જે તેમના ઉત્કટ જ્ઞાતિપ્રેમનો પૂરાવો છે; ને જ્યારે તેમને પક્ષકાર બનાવી અદાલત સમક્ષ ખડા કરવામાં આવ્યા ત્યારે પણ જ્ઞાતિને ટેકો આપવા શ્રી ભવાનજીભાઈ પોતાના ન્યાયના સિદ્ધાંતને અનુસરવાનું ચુક્યા ન હતા.

**સહુ પ્રત્યે લાગણી, સાચો જ્ઞાતિ પ્રેમ, જ્ઞાતિ માટે કંઈપણ કરી છુટવાની ભાવના, હુંપદનો અભાવ ને ઝઘડાઓમાં પણ માર્ગ કાઢી, સમાધાનીભર્યો રસ્તો લઈને રચનાત્મક રીતે સૌને કાર્યપ્રવૃત્ત કરવાની તેમની રીતીનીતિ જ્ઞાતિના આગેવાનોને માટે હંમેશા માર્ગદર્શક રહેશે.**

ભવાનજીભાઈનું કાર્ય ને જીવન આપણને સૌને આપણી જ્ઞાતિ પ્રત્યેની ફરજમાં પ્રેરણારૂપ બની રહો!

– ***(તંત્રીલેખ : "પ્રકાશ સમીક્ષા" નવે ૧૯૭૦)***

(**નોંધ :** આજથી ૪૨ વર્ષ પૂર્વે તંત્રી શ્રી સનતભાઈની કલમે આ જ્ઞાતિઅગ્રણીની વિદાય પ્રસંગે લખાયેલ આ તંત્રીલેખ આજે પણ જ્ઞાતિકાર્યકરો માટેના ગુણ-આદર્શની પ્રેરણા આપે છે અને આજે એ વાત એટલી જ પ્રસ્તુત છે.)


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## સ્વ. શ્રી ભવાનજી અરજણ ખીમજીને ભાવભીની શ્રદ્ધાંજલિ... - *કવિ "રશ્મિન" (મુંબઈ)*

**(કચ્છી-સંઘર)**

**કચ્છ** મુલક સોહામણું, સરજેં સરજનહાર
તેં મેં **અબડાસો** થ્યો, શૌર્ય, ભગતને દાતાર
તેં મેં **તેરા** શહેરમેં, વસે **દશા ઓશવાલ,**
**ખોના** નોખ આય પધરી, જન્મ્યો તેં મેં સાર
અરજણ ઘરેં અવતાર ભવાનજી થ્યો લાડકો
ભવાનજી થ્યો લાડકો, સુઘડીએં જન્મ્યો હી નર
રિધ્ધિસિધ્ધિ આવઈ લક્ષ્મી, અરજણશા જે ઘર
મહિમા વધ્યા ગામમેં, વખાણ થ્યા ઘર ઘર
ધંધા ધુરી તાં વધ્યા, મુંબઈ જે અંદર,
વર્યો લક્ષ્મીવર ભવાનજી જે શુભ પગલેં
ભવાનજી જે શુભ પગલેં, કીર્તિ વધઈ સારી
માન વધ્યા, મહિમા વધ્યા, ખ્યાતી થઈ સારી
ડગલે પગલે ધોડધેં, લક્ષ્મી અચે સારી
નાત-જાતકે હત્થ ડે, કમ કરીંયે શુભકારી
વર્યા ધીર ધારી ભવાનજી જે ઘર મત્થે.
નાતમેં જીં માન થ્યો, તીંય રાજકાજમેં માન,
ગાંધીજી જે બોલ તેં, ઝુકી વ્યો જવાન !
તન-મનસેં કોંગ્રેસમેં, ચેતન રેડેં પ્રાણ,
બી.પી.સી.સી. કે અચી, જલે ગીડે હિન જવાન
કૈંક વરે પ્રમાણ થઈ વ્યો ખજાનચી.
થઈ વ્યો ખજાનચી, પૂરે અઢળક ધન
બ્રિટિશ જે નજરેં ચડયો, જેલ વ્યો સજજન
ડુકાર આયો કચ્છમેં, ડીને અન્નને તરધન,
પ્રજા ફિદા હુઈ ઈન મત્થે, જય જય ચ્યોં જન જન
પ્રજા થઈ પ્રસન્ન એમપી થ્યો ભવાનજી
એમપી થ્યો ભવાનજી, પૂરા બબ્બ વાર
પાર્લામેન્ટમેં કચ્છજી, ખૂબ રખેં તે ન્યાર
શોષણનું છોડાયલા, ખેડૂએંજી કેં વાર
સાધન કૈ વિકાસજા, દેશ કેં તૈયાર
ઈસ્પિતાલ કેં ધાર તેરેંલા સટુકડી.
ઈસ્પિતાલ થૈ સટુકડી, હરેં કૈક રોગ
જખૌ જે દરિયા મત્થે, થ્યો લવણ ઉદ્યોગ
"માતા" સ્થાપે સમુદ્રતેં, દિસી ધર્મ સંજોગ
લાઈટહાઉસ નજરૂં વિજે, જલજી જાગતી જ્યોત
તેં કે ચારે છોગ વીર વડો ભવાનજી
વીર વડો ભવાનજી, જેંજા વડા વેપાર
ગાંધીધામ-કંડલા સુધી, નગરીજો આધાર
બંદર કેં મુંબઈ સમું, પચ્છમ જે હિન પાર
સ્ટીમરું અચેં વિલાયત જયું, તેંકે લગે ન વાર
રોજી રડેં હજાર કંડલા જે બંદર મત્થે.
કંડલા જે બંદર મત્થે, નાં નાં થ્યા ઉદ્યોગ
શહેર થ્યો આય ઠાવકો, રેલ સેં થ્યો સંજોગ,
માલ વિને પંજાબ સુધી, પંજ ક્રોડેંકે રોજ
નહેરૂ, વલ્લભ "વા ફિદા, ગુણ જો તું ગરો જ,
સેવા કરે સરાર સુરભિ પ્રસારે દેશમેં
સુરભિ પ્રસારે દેશમેં, ડીંયે મીડે ધન્યવાદ,
ધન માતા ને ધન પિતા, જેં મુલક ક્યોં આબાદ
નિંઢા વડા જણ મીડે ચેં હિકડે અવાજ
ધન્ય! ધન્ય! ભવાનજી, મહેર કરે જગન્નાથ,
તાજ વિગરજો રાજ પ્રાપ્ત કે હિન કચ્છ મીંજા
પ્રાપ્ત કે હિન કચ્છ મીંજા, આશીર્વાદ અને
જાચક પાછો કડેં ન વિતે, એળી જેંજી ટેક
કચ્છ-કચ્છીએજે કારણે, જે ધારે ગીડેં ભેખ,
અમૃત બેંકે દઈ કરે, ઝેર જીરવેં છેક
લખ્ખે મ્યાંનુ હકડો ઇ ભવાનજી જન્મ્યો ભલેં.
ભવાનજી જન્મ્યો ભલેં, કચ્છ ભૂમિ તેં સાર
કુડધા આયા કચ્છ તેં બબ્બ કાળ દુકાળ
"સદ્‌ગુરૂ સેવા સંઘ" કે, સેવા ડીંને અપાર
સુખડીને વરી બાજર, પુગી ગરીબેં જે દ્વાર
દુકારજી થૈ હાર ને ત્રેઘણા મિંયણા વઠા!
ત્રઘણા વઠા મેહુલા, તેંજો ગીની સંતોષ,
પોઢ્યો અમર પથારીતેં, જંગી પાંજો જોધ
છડે હલે વેં છેતરે, છડે જગતજો શોસ
સપ્ટેમ્બર સતાવીજો, સુજ છડે વ્યો જોર!
કેંકે ડિયણું દોષ જમ જટે વ્યા પાં વટ્ટા,
જમ જટે વ્યા પાં વટા, ભવાનજી દાતાર
વેંધે જેંજો મોં લગો, લાલમલાલ ગુલાલ!
સુરભિ મોં મત્થા, પસરઇ તે અપાર
કાર્યક્ષેત્ર પુરો કરે, હસ્યો સ્વર્ગ જે દ્વાર
ધન્ય કરે અવતાર સ્વર્ગેં વેય ભવાનજી
સ્વર્ગેં વ્યો ભવાનજી, કૈંક કરે સુકાજ
કચ્છજો વ્યો આત્મા, જ્ઞાતિજો શિરતાજ !
બીજા એક હોલમાં હિન્દુસ્તાન લીવર લીમીટેડની મિટિંગ ચાલુ હતી. ત્યારે હોટેલની ગેસ્ટ રીલેશન એક્ઝ્યુટીવની ફરજ બજાવતી કર્તવ્ય પરાયણ એક મહિલાએ વરસતી ગોળીઓ વચ્ચે જઈને જાનના જોખમે રૂમ બંધ કરાવીને એ બધાના જીવ બચાવેલ. તદુપરાંત ભોજન કીચનના દરવાજેથી તે બધાને સહીસલામત બહાર કાઢેલ. પછી આનો ખ્યાલ આવી જતાં આતંકવાદીઓએ ગોળીઓ છોડી, સદ્‌ભાગ્યે તે મહિલા બચી ગઈ. હોટેલના જનરલ મેનેજર કરમવીર જેટલા અતિથિઓને બચાવાય તેટલાને બચાવવા આકાશ પાથાળ એક કરી રહ્યા હતા. કેટલાક મહેમાનોને બચાવતાં પોતાની પત્ની અને બાળકોને તેમણે સદા માટે ગુમાવ્યા. આવા વફાદાર-સ્ટાફને બિરદાવતા રતનટાટાએ કહેલ કે “અમારી કંપની આવા લોકોના શ્વાસે જીવે છે. માત્ર આ રીતે બિરદાવીને જ બેસી ન રહેતા રતનટાટાએ પોતાનું કર્તવ્ય જે રીતે અદા કર્યું. એની પરથી તો સૌ કોઈએ બોધપાઠ લેવા જેવો છે. રતન ટાટાએ શું કર્યું તે હવે જોવા જેવું છે. અમેરિકાની ઇજ્જત સમા વર્લ્ડ ટ્રેડ સેન્ટરના પુનઃનિર્માણની પ્રક્રિયા હજી પૂરી થઈ નથી. ત્યારે આ હોટલ ભંગારમાંથી પુનઃ બેઠી થઈ ગઈ. એક જમાનામાં ગ્રાન્ડ હોટસન હોટેલમાં માત્ર ગોરા અંગ્રેજોને પ્રવેશ મળતો,. જમશેદજી તાતાને એમાં પ્રવેશતાં અટકાવાયા હતા. એટલે આ હોટેલ ખડી કરી દેવામાં આવી. આતંકવાદીના હુમલા પછી હોટેલ થોડો સમય બંધ રહી, પણ તે સમયમાં રતન તાતાએ બધા જ કર્મચારીઓને તેમનો પગાર મની ઓર્ડર દ્વારા એમના ઘેર પહોંચાડ્યો.

આતંકવાદી, હુમલો થયો, ત્યારે જેટલા કર્મચારીઓ હતા, કોઈક તો માત્ર એક જ દિવસ માટે કામ ઉપર આવ્યા હતા, તે બધાને કર્મચારી ગણવામાં આવ્યા. અને એ તમામને રાહત અને સહાય પૂરી પાડવામાં આવી. આ સહાય અને રાહત માત્ર તાજ હોટેલના કર્મચારીઓ પૂરતી જ સીમિત ન રાખી. પરંતુ સી.એસ.ટી. રેલ્વે સ્ટેશને હુમલાનો ભોગ બનનાર પબ્લીક રેલ્વે કર્મચારી અને પોલીસને પણ પહોંચાડી, એટલું જ નહિ, પણ રેલ્વે સ્ટેશનના પાનના ગલ્લાવાળા અને પાઉંભાજી વેચનારા ફેરીયાઓને પણ રાહત પૂરી પડાઈ.

આતંકવાદીઓએ જે લોકોને બાનમાં રાખીને માનસિક રીતે ભાંગી નાખ્યા હતા, તે માનસિક રોગીઓને ટ્રીટમેન્ટ આપવા એક માનસિક ચિકિત્સા કેન્દ્ર ખોલી, વિના મૂલ્યે ચિકિત્સા રતન ટાટાએ પૂરી પાડી. ૧૬૦૦ જેટલા કામદારો આ ઘટનાથી ડઘાઈ ગયેલા, તેમના માટે પ્રાથમિક સારવાર અને સલાહ કેન્દ્રો ખોલવામાં આવ્યા.

તાજ હોટેલમાં જુદા જુદા રાજ્યોમાંથી જે નોકરી કરવા આવ્યા હતા. એના સંબંધીઓને આ હુમલાની જાણ થતા એ લોકો મુંબઈ દોડી આવ્યા. તે બધાને ત્રણ અઠવાડિયા સુધી પ્રેસીડેન્ટ હોટેલમાં વિના મૂલ્યે રહેવાની-જમવાની સગવડ રતન ટાટાએ પોતાના ખરચે કરી. રતનટાટા પોતે તેમની પાસે જતા અને પૂછતા કે, કેવા પ્રકારની સહાયની તેમને જરૂર છે? અને તેવી સહાય કરવા વીસ દિવસનાં ટૂંકા સમયમાં એક નવું ટ્રસ્ટ પણ શરૂ કરી દીધું.

આતંકવાદી હુમલામાં તાજ હોટેલના ૮૦ જેટલા માણસોએ પોતાના કુટુંબનો કોઈ ને કોઈ સભ્ય ગુમાવ્યો હતો. ૭૨ વરસના રતન તાતાએ આ ૮૦ કુટુંબોની પોતે વ્યક્તિગત મુલાકાત લીધી. આતંકનો ભોગ બનેલા ૪૯ બાળકો દેશમાં કે પરદેશમાં જ્યાં પણ શિક્ષણ લે, તેની જવાબદારી પોતે સ્વીકારી. મૃત્યુ પામેલા કર્મચારીઓના કુટુંબને છત્રીસ લાખથી ૮૫ લાખ રૂપિયાની સહાય કરી. સાથે સાથે બીજા લાભો પણ આપ્યા. મૃત્યુ પામનાર કર્મચારીના છેલ્લા મહિનાના પગાર જેટલી રકમ આશ્રિતોને જીંદગીભર આપવામાં આવશે એવી જાહેરાત કરી. મૃત કર્મચારીઓએ લીધેલી લોન કે એડવાન્સ રકમ માફ કરી દીધી. તે વ્યક્તિના સમગ્ર કુટુંબને જીંદગી પર્યંત આરોગ્ય સેવાઓ વિના મૂલ્યે મળતી રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી. આતંકનો ભોગ બનેલા રેલ્વે કામદારો, પોલીસ સ્ટાફ અને ત્યાંના ફુટપાથવાસીઓને છ મહિના સુધી દર મહિને દસ દસ હજાર રૂપિયાની રોકડ સહાય રતન ટાટાએ કરી.

એક ફેરીયાની ચાર વરસની પુત્રીના હાથમાં ચાર ગોળીઓ વાગેલી. સરકારી હોસ્પિટલમાં એક જ ગોળી કાઢી તેને રજા આપી દેવાઈ હતી. તાતાએ તેને બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરી પોતાના ખર્ચે સંપૂર્ણ સારવાર પૂરી પાડી. તેમાં કેટલાય લાખનો તેમને ખર્ચ થયો.

કટોકટીના એ દિવસોમાં ત્રણ દિવસ સુધી રતન ટાટાએ પોતાના કર્મચારીઓની અંતિમક્રિયામાં પોતે અને પોતાના મેનેજરને દોડાદોડ કરાવીને બધે હાજરી આપી.

તાતા ઉદ્યોગના સ્થાપક જમશેદજી તાતાએ કહ્યું હતું કે, પોતાને મળેલી સંપત્તિ જનતાની સેવામાં જ વપરાવી જોઈએ. તે વાતને તેટલી જ રતનતાતાએ પણ આસમાની સુલતાની જેવા આ સમયે ચરિતાર્થ કરી બતાવી. પારસી કોમની ઉદાર સખાવત વૃત્તિનો માપદંડ તો ત્યારે નિહાળવા મળ્યો કે, રતનતાતાએ કહ્યું "અમે તાજ હોટેલના સમારકામ માટે કરોડો રૂપિયા ખરચી શકીએ, તો પોતાના પ્રાણનું બલિદાન આપનારા કર્મચારીઓ માટે કેમ ન ખરચીએ?

આપણે જૈનો તો મહાવીરે સ્થાપેલ ઉત્કૃષ્ટ કરૂણા અને અનુકંપાના વારસદારો છીએ અને આટઆટલી ધર્મ આરાધના, દેવ-પુજા, આંગી, ઉત્સવો, રથયાત્રા, પ્રતિષ્ઠાન, સાધુ-સાધ્વીઓના વ્યાખ્યાનશ્રવણ, વ્રત ઉપવાસ તપશ્ચર્યા કરીએ છીએ તે જો ઉપરના ઉદાહરણમાં પ્રતિબિંબિત થતી ઊંડી સહાનુભૂતિ ને અનુકંપામાં પરિવર્તન થઈ આપણો સહજ સ્વભાવ બની જાય એ માટે ઉપયુક્ત ચિંતન કરીએ તો?

*(સંકલિત)*


**કલા-કસબ અને કલરનો અનોખો સમન્વય**

જ્યોતિ

Silk Saree Emporium

૧૩૪/૩૬, બીજે માળે, ખાદીભંડાર ઉપર,
ખારા કુવા સામે, ઝવેરીબજાર, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : 22413995 / 22402786
Email : jyotisse@g.mail.com

*Sachi Jari Mate Real Nam*


## Treat for All...

**1 Number Scope**

With following figures fill the blanks in such a way for totals given. 3, 4, 4, 5, 6, 7, 8, 9

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3 | x | | + | | = | 35 |
| x | ■ | x | ■ | + | ■ | ■ |
| | + | | x | | = | 44 |
| – | ■ | ÷ | ■ | + | ■ | ■ |
| | + | | x | | = | 49 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 14 | ■ | 15 | ■ | 19 | ■ | ■ |

**2 1 to 25**

Fill the grid with consecutive numbers that connect horizontally, vertifically, or diagonally from first to the last numebr in the grid. The first and last numbers of the puzzle and some other numbers are already filled in.

| | | | | |
|---|---|---|---|---|
| | 25 | | 4 | 1 |
| | | 15 | | |
| 22 | 17 | 18 | 14 | |
| 21 | | 12 | | |
| | | 10 | | |

**3 Number Chain**

Use signs of +, -, x & ÷ and complete the chain.

| | | | | |
|---|---|---|---|---|
| 6 | | 5 | | 9 |
| | 9 | = | 5 | |
| 3 | | 2 | | 2 |

↑ Start

**MIND BENDER**

My watch was correct at noon, after which it started to lose 17 minutes per hour until six hours ago it stopped completely. It now shows the time as 2.52 p.m.What time is it now?

**પાસ થયા-હાર્દિક અભિનંદન !**



દિપ કિરીટ દંડ
(ડોંબિવલી)
T.E.VI Comp.-74.70%



ભાવેશ નરેન્દ્ર દંડ
(ભાયખલા)
MBA Finance 1st Class

**1 Answer**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3 | x | 9 | + | 8 | = | 35 |
| x | ■ | x | ■ | + | ■ | ■ |
| 6 | + | 5 | x | 4 | = | 44 |
| – | ■ | ÷ | ■ | + | ■ | ■ |
| 4 | + | 3 | x | 7 | = | 49 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 14 | ■ | 15 | ■ | 19 | ■ | ■ |

**2 Answer**

| | | | | |
|---|---|---|---|---|
| 24 | 25 | 3 | 4 | 1 |
| 23 | 16 | 15 | 2 | 5 |
| 22 | 17 | 18 | 14 | 6 |
| 21 | 19 | 12 | 13 | 7 |
| 20 | 11 | 10 | 9 | 8 |

**3 Answer**

| | | | | |
|---|---|---|---|---|
| 6 | x | 5 | ÷ | 9 |
| + | 9 | = | 5 | + |
| 3 | - | 2 | x | 2 |

Start

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

જ્ઞાતિના સમસ્ત મહાજનના ઉપક્રમે જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન અંતર્ગત મુંબઈ ક્ષેત્રના કાર્યક્રમમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મધ્ય મુંબઈ (મીડટાઉન) સંઘના સહયોગે તા.૧૬-૯-૧૨ના રાત્રે ૮ થી ૧૦ માં માટુંગામાં શેઠ નારાણજી શામજી વાડીના સભાગૃહમાં બેઠક યોજાઈ. જેમાં માટુંગા, વડાલા, સાયન, કુર્લા, ચુનાભટ્ટી, પરેલ, દાદર અને આસપાસના જ્ઞાતિજનોએ સામુહિક જ્ઞાતિ પ્રશ્નોની ચર્ચામાં સહભાગી થયા હતા. નવકારપઠન બાદ જ્ઞાતિ સમસ્યાઓની ખુલ્લા મને ચર્ચા થઈ હતી અને સર્વસામાન્ય સુર જાણવા મળેલ. જ્ઞાતિ પ્રગતિના સુચન રખાયા હતા. જ્ઞાતિની જરૂરીયાતો સમસ્ત મહાજનના માધ્યમે ક્રમશઃ તે તે સંસ્થાઓના સહયોગે સમન્વયથી પુરી થાય તેવી આ કેન્દ્રવર્તી સંસ્થાના પુનર્જીવન અંગે જ્ઞાતિજનોએ ખુશી વ્યક્ત કરી હતી અને જ્ઞાતિમાં સંપ, શિસ્ત, અને સાથ સહકારની ભાવના બળવતર બને તેવી આશા વ્યક્ત કરતાં સમસ્ત મહાજનને સક્રિય બની સંકલન કરવા અનુરોધ કરેલ. સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ પ્રારંભે સમસ્ત મહાજનની માળખાકીય રૂપરેખા અને કાર્ય અહેવાલ આપેલ. તથા છેલ્લે જ્ઞાતિ સંપર્ક અભિયાનમાં મળેલ જ્ઞાતિસુરનો સારાંશ આપેલ.

અંતે સમસ્ત મહાજનવતી શ્રી ચંપક જીવાણીએ મીડટાઉન સંઘ અને પધારેલ જ્ઞાતિજનોની ભાવના બદલે આભાર વ્યક્ત કરેલ. આ બેઠકમાં મુંબઈના ૧૨ પૈકી ૫ ટ્રસ્ટી હાજર હતા. આગામી સંપર્ક બેઠક નવી મુંબઈ ક.દ.ઓ. સંઘના સહયોગે રવિ. ૭-૧૦-૧૨ના બપોરે ૩.૩૦ વાગે કોસ્ટારીકા, ત્રીજે માળે, મોરાજ રેસીડન્સી પાસે પામ બીચ રોડ, સાનપાડા-નવીમુંબઈએ સ્થળે છે. નવી મુંબઈ વિસ્તારના સર્વે જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે.

મુંબઈમાં આગામી બેઠકો ડોંબિવલી, થાણા, કાંજુરમાર્ગ, મસ્જીદબંદર, ઘાટકોપર (જી.વી.સી.) પશ્ચિમના પરા આદિ સ્થળે ગોઠવાશે. સર્વે જ્ઞાતિજનોને જ્ઞાતિના સામુહિક પ્રશ્નો રાખવા અને જ્ઞાતિપ્રગતિના સુચનો માટેની ચર્ચામાં સહભાગી થવા પધારવા આમંત્રણ છે.

જે જે સંઘ-મંડળ હેઠળ આવી સભા યોજવાની છે તેમણે સમસ્ત મહાજન કાર્યાલયનો સંપર્ક કરી આયોજન ગોઠવી લેવા જણાવાયું છે. સંપર્ક ફોન ૨૫૯૦૩૫૧૪-૧૫-૧૬.

સમસ્ત મહાજનનું આ જનજાગરણ સંપર્ક અભિયાન પુરું થતાં સમગ્ર કાર્યવાહીનો અહેવાલ અને જ્ઞાતિમાંથી પ્રાપ્ત થયેલ વિચારોને સારાંશરૂપે જાહેર કરાશે. જે માંગ-અપેક્ષાની પુર્તતા કાર્યવાહી તે તે સંસ્થાઓ સાથે મળી સહકાર-સમન્વય અને સંકલનથી કરવા પ્રયત્ન કરાશે.

### અનંતનાથ જિનાલયે નવા ઉપકરણ

જ્ઞાતિના અનન્ય શ્રધ્ધાસ્થાન અનંતનાથ જિનાલય-મસ્જીદબંદરે ટ્રસ્ટ દ્વારા જિનાલયના નૂતન ઉપકરણો ભંડારા, બાજોઠ, ચામર આદિ ઉંચી ક્વોલીટીના ભવ્ય ઉપકરણો લેવાયા છે. જિનાલય અને ઉપાશ્રયનું સુશોભન-સજાવટ કાર્ય ખુબ નયનરમ્ય અને મનોહારી છે. પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી આ.ઠા.નું વર્ષો બાદ ચાતુર્માસ મળ્યું છે. ત્યારે દર્શન વંદનાર્થે અનેક સંઘો પધારી રહ્યા છે. શ્રી મસ્જીદ બંદર સંઘના કાર્યકરો અને મહાજન તથા ટ્રસ્ટની ટીમ સ્વાગત કરી બહુમાન અને સાધર્મિક ભક્તિનો લાભ લે છે.

### સુજાપર જિનાલય ધ્વજારોહણ

સુજાપર તીર્થે દેરાસરની વર્ષગાંઠ અને ધ્વજારોહણ કાર્યક્રમ ૧૫ અને ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૩ના છે. સર્વે ગામવાસીઓ અને નિયાણી પરિવારોને પધારવા હાર્દિક આમંત્રણ છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા....
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in


શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા (સુજાપુર-રાયપુર)ની છત્તીશગઢ સ્કાઉટ એન્ડ ગાઇડમાં કમીશનરપદે નિયુક્તિ બદલ હાર્દિક અભિનંદન!


SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN · JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## શ્રી ક.દ.ઓ. જૈન યુવામંચ-ધુલીયા

મંચના ઉપક્રમે અત્રે તા.૩ થી તા.૧૨-૯-૧૨ ધુલિયામાં શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડિંગમાં યોગ શિબિર યોજાઈ. આજે યુવાઓ ડિજિટલ યુગમાં જીવે છે. વર્ચ્યુલ દુનિયા સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. કેરિયર માટે ખૂબ વ્યસ્ત હોઈ એને લગતા અભ્યાસ, કોર્સ, લીડરશીપ કે વ્યક્તિત્વના વિકાસની તકો શોધતા હોય છે, ત્યારે યુવામંચનું યોગ શિબિરનું આમંત્રણ આશ્ચર્ય-વિચારપ્રેરક અને અનુમોદનીય રહ્યું.

યોગથી વ્યક્તિત્વનો વિકાસ, શારીરિક-માનસિક સ્વસ્થતા અને સ્પર્ધાયુક્ત જીવનમાં આત્મવિશ્વાસ વર્ધક બની રહે છે. આવી શિબિરો એકાગ્રતા અને નિર્ણય શક્તિને દ્રઢ બનાવનારી બને છે. આ શિબિરમાં માત્ર જ્ઞાતિજનો માટે જ નહી પણ સમગ્ર ધુલિયાવાસીઓ માટે ૧૦ દિવસની શિબિરનું આયોજન ઉપયોગી રહ્યું. યોગશિબિર આયોજન માટે સંપર્ક ગીતાબેન જૈન-૯૯૬૯૧૧૦૯૫૮

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ.સા.જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત પૂ.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને ટ્રસ્ટ પ્રવૃતિઓ સફળતાપૂર્વક કરે છે. શ્રી જીતેન્દ્રભાઈ શામજી ઝવેરીના હસ્તે કાયમી ફંડ આવેલ છે. જેનો ઉપયોગ અન્નદાન, શૈક્ષણિક અને વૈદ્યકિય સહાય માટે વાપરવામાં આવશે. ટ્રસ્ટ પરિવારે તેમને "સાધર્મિક રત્ન"નો ખિતાબ આપેલ છે. ટ્રસ્ટ જીતેન્દ્રભાઈ અને તેમના પરિવારજનોનો આભારી છે.

માતુશ્રી બાંયાબાઈ ભવાનજી શીવજી ઝવેરી પરિવાર હસ્તે શ્રી જીતેન્દ્રભાઈ શામજી (અમદાવાદ-જખૌ)

## બેંગ્લોરમાં ગચ્છની વધારી શાન

પ્રવચન પ્રભાવક મુ.શ્રી દેવરત્નસાગરજીનું બેંગ્લોરની ધરતીપર અચલગચ્છનું પ્રથમ ચોમાસુ શાનદાર બન્યું. ગુણસાગરસૂરિજીની જન્મ શતાબ્દિએ છ રવિવારીય જીવન શિબિરો જોરદાર જામી. અન્ય અનુષ્ઠાનોમાં કર્ણાટક ભવનમાં ૨૦૦૦ યુવાનો-યુવતિઓની થયેલી મંથન શિબિર, બેંગ્લોરમાં ૪૬ સાધુ-સાધ્વીજીઓના માતા-પિતાઓનું પ્રથમવાર બહુમાન કરાવી ગચ્છ-ગુરુની ગરિમા વધારી, ખતરગચ્છ સંઘમાં પ્રવચન અને શનિગ્રહ યુક્ત મુનિસુવ્રત પૂજન કરાવ્યું. જયનગર સંઘમાં જિનાલય સાધારણ ખાતામાં ૩૩ લાખનું ફંડ કરાવ્યું. બેંગ્લોરથી પેરાતુમ્બલમ્ (આદોની)ના ૨૩ દિવસીય છ'રી પાળતા સંઘનું પર્વમાં મંગલ સર્જાયું. ઓકલીપુરમમાં મુનિ દેવરક્ષિત, મેઘરક્ષિતસાગરજી દ્વારા પર્યુષણ આરાધના કરાઈ. વી.વી. પુરમમાં મુનિ તીર્થરત્નસાગરજી દ્વારા બારસાસૂત્ર વાંચન કરાયું. કર્ણાટક, તામિલનાડુ, કેરાલા, મહારાષ્ટ્ર અને મુંબઈના સંઘોનું ચૈત્ય પરિપાટીરૂપે આગમન, સમૂહ ધર્મચક્રતપનું ઉદ્યાપન, વિરાટ રથયાત્રા, મુનિશ્રી દેવરક્ષિતસાગરજીની ૫૩ અને ૫૪મી ઓળી મુનિશ્રી તત્વરક્ષિતસાગરજીની ૩૩, ૩૪, ૩૫ સાથે ૩૬મી વર્ધમાન તપ ઓળી, બેંગ્લોરમાં સર્વ પૂજા મંડળોની પૂજા હરિફાઈ, સમસ્ત બેંગ્લોર શહેરમાં સમૂહ વર્ધમાન તપ પાયાનું આયોજન, પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલી ૫૦ જેટલા માસક્ષમણ, ચામરાજપેઠમાં કાયમી આયંબિલ ખાતાનું મંગલ થયું. ગાંધીનગર સંઘ અને ચામરાજ પેઠના સંઘોએ આગામી સાલ માટે ચાતુર્માસ કાજે વિનંતી કરી છે.

## શ્રી દ.ભા.ક.દ.ઓ. જૈન એકમ

માતુશ્રી જવેરબેન ધનજી કલ્યાણજી ધરમશી કચ્છીભવન માટે ૩૨૦KVA નું જનરેટર સેટ શ્રીમતી સુશીલા દિનેશચંદ્ર કુંવરજી લોડાયા પરિવાર (સાંયરા-ગદગ) તરફથી વ્યાજરહિત રૂા.૧૮ લાખની લોનમાંથી વસાવવામાં આવેલ.જેનું ઉદ્ઘાટન તા.૨-૯-૧૨નાં શ્રી મલકાપુર સંઘ (૫૦ જણ), શ્રી હુબલી સંઘ (૭૫ જણ), શ્રી ગદગ સંઘ (૭૦ જણ), શ્રી દાવણગેરે સંઘ (૧૦ જણ) અને સકળ શ્રી બેંગલોર સંઘની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ. આ પ્રસંગે હુબલીનાં શ્રી પ્રજેશ વીરચંદ પટેલ, શ્રી વીરેન્દ્ર દામજી છેડા, શ્રી દીપક કરમચંદ વીકમશી, શ્રી તુષાર કરમચંદ વીકમશી, શ્રી પુનમચંદ ધનજી ધરમશી, શ્રી ભરત ધનજી ધરમશી, શ્રી હરીશ શીવલાલ મુનવર, ડો. કાંતિલાલ નરશી દંડ (મુંબઈ) વગેરે અગ્રણીઓ અને એકમના કાર્યકરો પધારેલ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

સામુહીક નવકારમંત્ર પઠન બાદ પધારેલ સહુનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ખુશાલચંદભાઈ તથા શ્રી સતીશભાઈએ એકમના કાર્યો અંગે જાણકારી આપી હતી. અતિથી વિશેષ શ્રી તીલોકચંદ નરશી દંડ (પ્રમુખ-મહારાષ્ટ્ર એકમ), શ્રી ભરત ખીમજી મોમાયા (સેક્રેટરી-હુબલી મહાજન), શ્રી ડો. પ્રદીપ સોમચંદ ખોના (પ્રમુખ-ગદગ મહાજન), શ્રી કિશોર મુલજી લોડાયા (પ્રમુખ દાવણગેરે મહાજન) અને દાતા શ્રી દિનેશચન્દ્ર કુંવરજી લોડાયા પરિવાર (ગદગ) એ દીપ પ્રજજવલીત કર્યો બાદ મંત્રોચ્ચાર તથા તાળીઓનાં તાલે જનરેટરનું ઉદ્ઘાટન સંપન્ન થયું. અતિથીવિશેષોનું એકમ દ્વારા શ્રીફળ, માળા, તથા શાલથી તથા દાતાશ્રીને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું.

અતિથીવિશેષ શ્રી તીલોકચંદ નરશી દંડના ઉદ્બોધનમાં સમસ્ત કચ્છી સમાજમાં આવું પ્રથમ કચ્છી ભવન બનાવવા બદલ શ્રી દક્ષિણ એકમની દીર્ઘદૃષ્ટિને બીરદાવી એકમના કાર્યોની સરાહના કરી. શ્રી ભરત મોમાયા, શ્રી ડો. પ્રદીપ ખોના, શ્રી દિનેશચન્દ્ર લોડાયાએ પણ એકમનાં કાર્યોની અનુમોદના કરી. શ્રી દિનેશચન્દ્ર લોડાયાએ શ્રી ગુલાબચંદ મુલજી સોનાવાલાની સેવાઓને યાદ કરી. સરાહના કરેલ. એકમવતી સંઘપૂજન કર્યા બાદ નાસ્તા-પાણીનો લાભ લઈ. બધા જયનગરમાં પૂ. મુનિ શ્રી દેવરત્નસાગરજી મ.સા.ને વંદન કરવા તથા તેમનાં પ્રવચન સાંભળવા ગયેલ.

આ પ્રસંગે યોગાનુયોગે બેંગલોરમાં પૂ. પંડીત મ.સા.ને વંદન કરવા ખાસ બોરીવલી-મુંબઈથી પધારેલ ૪૯ ઉપવાસનાં તપસ્વી શ્રી પરેશ વિનોદરાય ધ્રુવનું એકમ તરફથી બહુમાન કરવામાં આવ્યું.

કચ્છી ભવનનાં હવે બાકી રહેતા ૧૦ રૂમો દરેકનો નકરો રૂા.૨૫૧૦૦૦ તથા એકમની ઓફીસ માટે નકરો રૂા.૧૧ લાખ છે તે માટે દાતા આવકાર્ય છે.

## શ્રી કચ્છી જૈન સમાજ-ઇન્દોર

શ્રી કચ્છી જૈન સમાજ-ઇન્દોર દ્વારા પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી બહુજ ધર્મમય અને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવેલ. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મંબઈથી આવેલ બહેનો શ્રીમતિ ઉષાબેન દેઢિયા અને શ્રીમતિ ભાગ્યવંતીબેન મોતા દ્વારા રોજ સવારે વ્યાખ્યાનમાલા અને રાત્રે ભાવનામાં વિવિધ રમત રમાડવામાં આવેલ જેથી ગમ્મત સાથે જ્ઞાનની વૃધ્ધિ થઈ. જેમાં શ્રી કચ્છી જૈન સખીવૃંદ, શ્રી કચ્છી યુવા ગ્રુપ અને સૌ. નિશાબેન મોમાયાનું ખાસ સહયોગ રહ્યો.

બીજનાં સ્વપ્નાજીનો કાર્યક્રમ વીરમાતાનાં સ્વપ્નદર્શનની નાટિકા, સ્વપ્નાનું અર્થ-ફળ સાથે કરવામાં આવેલ. વીરની માતા બનવાનો લહાવો કુ. રૂપલ ટેકેન્દ્ર મોતાને મળેલ. પારણાજી પધરાવવાનો લાભ શ્રી હીરજી કુંવરજી ગાલા પરિવારે લીધેલ. સ્વામીવાત્સલ્યનાં લાભાર્થી શ્રી કમાણી પરિવાર હતા. સ્વપ્નાનું કુલ ઘૃત સારો થયેલ.

તા.૨૧-૮-૧૨ સંવત્સરીના દિવસે વીરસૈનિક બહેનોનાં મુખથી કલ્પસુત્ર, બારસોસુત્ર સાંભળવાનું લહાવો મળેલ. સાંજે ક્ષમાપના, પછી સાવંત્સરિક પ્રતિક્રમણ કરી ઝગમગતા ૧૦૮ દીપકથી મહારાજા કુમારપાળની આરતી કરવામાં આવી. કુમારપાળ રાજા બનવાનો લાભ શ્રીકુંજ ધીરજભાઈ ગડાએ લીધેલ. ત્યારપછી તપસ્વીઓનું બહુમાન શ્રી સંઘે સામુહિક સાંજીના રૂપમાં કરેલ. વીર સૈનિક બહેનોને ઇન્દોરના દહેરાસરોની જાત્રા કરાવી ભાવભીની વિદાય આપી. પર્યુષણ દરમ્યાન બપોરે બાળકોના શિબીરનું આયોજન કરવામાં આવ્યુ હતું. સમાજભવનની સજાવટ કચ્છી યુવા ગ્રુપ દ્વારા શ્રી વિપુલ ટોકરશી ગોસરના સહયોગથી બહુજ સરસ રીતે કરવામાં આવેલ. કાર્યક્રમોમાં માઈક અને મ્યુઝીકની વ્યવસ્થા શ્રી જીતેન્દ્ર પટેલ અને સુમિત નાગડા દ્વારા કરવામાં આવેલ.

તા.૨૬-૮-૧૨ રવિવારનાં વિદ્યાર્થીઓને પારિતોષિક વિતરણ અને સ્વામીવાત્સલ્યનું કાર્યક્રમ યોજેલ. કાર્યક્રમની શરૂઆત નવકારમંત્ર અને ક્ષમાપના ગીતથી કરી મહાવીરસ્વામીની છબીને હારારોપણ કરેલ. જેના લાભાર્થી શ્રી ચંદ્રેશ લક્ષ્મીચંદ લોડાયા હતા, સાથે યુવા ગ્રુપે પણ લાભ લીધો. સમાજના ઉત્તીર્ણ વિદ્યાર્થીઓનું પ્રમુખનાં હસ્તે સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમમાં સમાજના નવા વસ્તીપત્રક "ઝરોખા"નું વિમોચન કરવામાં આવ્યું. વસ્તીપત્રક બનાવવા ગૌરવ મુકેશ મોતા અને દિપેશ સુમનભાઈ કમાણીની સારી મહેનત રહી. વિદ્યાર્થીઓને પારિતોષિક વિતરણ કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. પ્રિયંકા ચંદ્રેશ ધરમશી અને કુ. મધુરીમા ચેતન મોમાયા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન અને આભાર માનદમંત્રી રાજેશ દિનેશ ધરમશી દ્વારા કરવામાં આવેલ.

છેલ્લે સૌએ સ્વામીવાત્સલ્યનું લાભ લીધો. મહાકાળી માતાજીની ભાવના ભાવી, હાઈટીનું આનંદ માણી બધા છુટા પડ્યા. ઇન્દોર સમાજનો નવો ટ્રસ્ટ બનાવવા સાધારણ સભા પણ રાખવામાં આવેલ જેમાં ઘણી સારી ઉપસ્થિતિમાં ટ્રસ્ટનો પાયો નાખવાની મંજુરી મળી.

## માનવજ્યોત-ભુજ

માનવજ્યોત ભુજનાં પ્રમુખ શ્રી પ્રબોધ મુનવરની આગેવાની હેઠળ સંસ્થાએ અત્યાર સુધીમાં ૧૦૧ બિનવારસ લાશોની અંતિમક્રિયા કરી છે. જેનું કોઈ ન હતું, એકલા-અટુલા-નિરાધાર અથવા રખડતા ભટકતા હતા તેવા લોકોનું જ્યારે મૃત્યુ થયું ત્યારે જી. કે. જનરલ હોસ્પીટલથી મૃત્યુનું સર્ટીફિકેટ મેળવી પોલીસ કાર્યવાહી બાદ માનવજ્યોત સંસ્થાએ અંતિમક્રિયા કરી હતી. ભુજ સીટી પોલીસ સ્ટેશન, તાલુકા પોલીસ સ્ટેશન તથા જનરલ હોસ્પિટલ દ્વારા પણ માનવતાનાં આ કાર્યમાં સહકાર મળ્યો હતો. કોઈકવાર દુર્ગંધ મારત બે-પાંચ દિવસ પછીની લાશો કે અકસ્માતે ગંભીર જખ્મી લાશો પણ મળી હતી. માનવતાના આ કાર્યને સૌ કોઈએ વધાવ્યું છે.

## શ્રી અંકુશ મિત્ર મંડળ, ડોંબિવલી

અંકુશ મિત્ર મંડળ દ્વારા નવરાત્રિ ઉજવણી આયોજન ગાંવદેવી, ડોંબિવલી (વે)માં કરાયું છે. સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે. પ્રસાદીના દાતા કે અન્ય લાભ માટે સંપર્કઃ પરેશ માલદે-૯૮૨૦૨૯૧૯૪૮, કિરીટ લોડાયા-૯૯૨૦૪૭૨૯૭૧

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જશાપુર

પર્યુષણ પર્વની ઉજવણી કરવા ગામવાસીઓ તથા નિયાણી બહેનો સારી સંખ્યામાં પધારેલ.

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના ઝવેરબેન દામજી ગોસર તથા કસ્તુરીબેન ગાંગજી દેઢીયાએ સારી રીતે આરાધના કરાવેલ. ચૌદ સ્વપ્નનું ઘૃત ૪૮૫૫૨ મણ તથા અન્ય ઘૃત ૫૦૦૦ મણ થયેલ.

કલ્પસુત્ર માતુશ્રી મુરબાઈ ટોકરશી ઘરમશી પરિવાર તથા પ્રભુજીનું પારણું આરાધક જવેરબેન દામજી ગોશરે પધરાવેલ.

દરરોજ રાત્રે ભાવનામાં જયચંદભાઈ શિયાળે સારી રમઝટ જમાવેલ. આઠેય દિવસ આંગી રચના મનીષાબેને કરેલ. સ્થાનિકે વ્યવસ્થા શ્રી લક્ષ્મીચંદ ટોકરશી ઘરમશી તથા શાંતિલાલ ખીંયશી છેડાએ સંભાળેલ.

સાધર્મિકભક્તિનો લાભ લેનાર પરિવારો : માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી ઘરમશી હ. મોતીચંદભાઈ, મુરબાઈ ટોકરશી ઘરમશી, પ્રેમાબાઈ કુંવરજી મોતા, ખેતબાઈ ખીંયશી છેડા, સોનબાઈ રાયચંદ ઘરમશી હ. નરેન્દ્રભાઈ, ચંપાબેન લખમશી ઘરમશી હ. હીરેનભાઈ, માણેકજી હીરજી છેડા હસ્તે કલ્પેશભાઈ, મણીલાલ ભવાનજી ઘરમશી, સ્વ. કિશોર વાલજી છેડા હસ્તે વાલજીભાઈ, ધનજી દામજી મોતા એ સાથે મળી લાભ લીધેલ.

પર્વમાં સુંદર આરાધના થઈ. સંઘના કાર્યકરો સારી જહેમત લઈ કાર્ય સંભાળે છે.

## ડોંબિવલીમાં અમીઝરણાં

ડોંબિવલી (પુર્વ)માં પાંડુરંગવાડી જિનાલયે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ પ્રતિમાઓની આંખોમાંથી તા.૧૬-૯-૧૨ના અમીઝરણાં થયા હતા. આ અલૌકિક ઘટનાની નરી આંકે નિહાળવા લોકો ટોળે ઉમટ્યા હતા. જૈન-જૈનેતરની ભીડ માટે પોલીસ સંરક્ષણ મંગાયું હતું. આ વિરલ ઘટના જોવા મીડ ડે આદિ પત્રના પત્રકારો-કેમેરામેનો ધસી આવ્યા હતા. પર્વ પર્યુષણમાં આ એક અદ્‌ભુત દશ્ય સંકેત અનુભવાયું હતું. એક મુર્તિખંડિત થતાં નવી મુર્તિ પ્રતિષ્ઠાનું સંઘ આયોજન કરી રહ્યું છે. પ્રતિષ્ઠા વિધાનનો ચડાવો ઉછળતા ભાવે આગળ વધી રહ્યો છે.

## ધુલીયામાં સ્વતંત્રદિનની ઉજવણી

શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડિંગ સંચાલિત શ્રી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં ભારતનો ૬૬મો સ્વતંત્રતા દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો. ધુલે ઈનર વ્હીલ ક્લબના અધ્યક્ષા સૌ. રુચી અગ્રવાલના હસ્તે સવારે ૭.૩૦ વાગે ધ્વજારોહણ કરવામાં આવ્યું. રાષ્ટ્રગીત પછી ત્રિરંગા પતંગની સાથે ફુગ્ગા આકાશમાં છોડવામાં આવ્યા. આ વખતે રેડ, યલો, બ્લૂ અને ગ્રીન હાઉસના વિદ્યાર્થીઓએ પરેડ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી. ધો.૧ના વિદ્યાર્થીઓએ કવાયત કરી. તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓએ લેઝિમ નૃત્ય પેશ કર્યું. માધ્યમિક વિભાગના પ્રાચાર્ય શ્રી ગુજરાથી અને વિદ્યાર્થીઓએ દેશભક્તિ ઉપર વક્તવ્ય આપ્યા. વિદ્યાર્થીઓએ "ઇન્સાફ કી ડગર પે" આ દેશભક્તિનું ગીત ગાયું. પૂર્વ પ્રાથમિક વર્ગના બાળકોએ ગોકુળ અષ્ટમી નિમિતે ૨૬ સંઘમાંથી પારિતોષિક મેળવેલ દેશભક્તિથી પ્રેરિત ગીતપર નૃત્ય રજુ કર્યું. અતિથીગણોના હસ્તે સ્કૂલના બાળકોને ફળ તથા બિસ્કિટના પેકેટસ્ અપાયા. અતિથીવર્ગ, શિક્ષક તથા અન્ય કર્મચારીવર્ગને નાસ્તો આપવામાં આવ્યો.

આ પ્રસંગે ૪૭૫ વિદ્યાર્થી હાજર હતા. સ્કૂલના વાઈસ ચેઅરમન શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, સેક્રેટરી શ્રી કેતનભાઈ ગોસર, મેનજિંગ કમિટીની સદસ્યા સૌ. કાંતાબેન શાહ, પ્રાથમિક વિભાગના પ્રાચાર્ય શ્રીમતી સ્વનિત કોહલી, ઈનર વ્હીલ ક્લબના એરિયા કોઑર્ડિનેટર સૌ. કલ્પનાબેન શાહ અને સેક્રેટરી સૌ. મનિષા અગ્રવાલ, શાળાના વ્યવસ્થાપક શ્રી યોગેશ મોરે, શિક્ષક તથા શિક્ષકેતર કર્મચારી અને પાલકવર્ગ હાજર હતા.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-કારંજા/મુર્તિજાપુર

મહિલા મંચની બે મિનીટમાં ૧૪ સ્વપ્ના ક્રમવાર ગોઠવવાની સ્પર્ધામાં કુ. ખુશી બિપીન ગોસરે એક મિનીટમાંજ ૧૪ સ્વપ્નાઓ બરાબર ક્રમમા ગોઠવ્યા અને બીજી ગેમમાં એક મિનીટમાં ૨૪ તીર્થંકરોના નામ બોલવામાં ચિ. ખુશીએ અડધીજ મિનીટમાં ૨૪ નામ બોલી દીધા. મંચ દ્વારા સખીદાતાઓના સહયોગે ઇનામ અપાયેલ.

## વેરાવળ દેરાસરમાં કેસરના છાંટણા થયા

વેરાવળમાં શ્રી શાંતિનાથ જૈન દેરાસરમાં તા.૧૪-૮-૧૨થી સતત ૧૧ દિવસ સુધી કેસરના છાંટણાની અદ્ભુત ઘટના અનુભવા મળી. આ કેસરના છાંટણા ફક્ત દેરાસર ઉપર તથા દેરાસરના કંપાઉન્ડમાં જ થયા હતા. એ સિવાય આજુબાજુ વિસ્તારોમાં ક્યાંય પણ જોવા ન મળ્યા આ એક અદ્ભુત ચમત્કાર જોવા મળેલ.

દેરાસરમાં પુજાઅર્ચના સહ શાંતિકળશ વિધિ કરાયેલ. જૈન-જૈનેતર આ અલૌકિક દર્શનાર્થે પધાર્યા હતા. દેરાસરના સંચાલક મંડળે પર્વના પવિત્ર દિવસોમાં શાંતિનાથ દાદા કેશરછાંટણાની વૃષ્ટિ કરી સંઘપર કૃપા વરસાવી છે જે એક શુભ સંકેતરૂપ અનુભુતિ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહિલા મંડળ-વડોદરા

પૂ. ગણિવર્ય શ્રી કવીન્દ્રસાગરજી મ.સા.આ.ઠા.૨ ની નિશ્રામાં પયુષણ પર્વની આરાધના ખુબ સુંદર થઈ. મંડળ દ્વારા વિવિધ ધાર્મિક હરિફાઈઓ યોજવામાં આવેલ. જેમાં ઘેરથી વિવિધ આકારમાં નવકાર મંત્ર લખી લાવવામાં નંબર પ્રથમ વર્ષા ધુલ્લા, દ્વિતીય અશ્વીન દંડ અને નાના બાળકોના ગ્રુપમાં મનન મોમાયા આવ્યા.

૫ થી ૧૫ વર્ષના બાળકો માટે ધાર્મિક ક્વીઝમાં પ્રથમ ગ્રુપમાં જસ્મીન ધુલ્લા, નિરાલી ધુલ્લા, વિધિ ધરમશી, બીજા ગ્રુપમાં ડિમ્પલ નાગડા, વિરલ લાલકા, પ્રાચી લાલકા અને અષ્ટ પ્રકારી વસ્તુના ડ્રોઇંગમાં ડિમ્પલ નાગડા, મનન મોમાયા, ખુશી ધુલ્લા, વિધી ધરમશી આવ્યા. બહેનોની ધાર્મિક અંતાક્ષરીમાં પ્રથમ દર્શન ગ્રુપ અને દ્વિતીય મનન ગ્રુપ આવેલ. દરરોજ ધાર્મિક પેપરમાં પણ બધા સારી સંખ્યામાં ભાગ લેતા હતા.

## આણંદજીભાઈને લતા મંગેશકર એવોર્ડ

જાણીતા સંગીતકાર શ્રી કલ્યાણજી-આણંદજી બેલડીના પદ્મશ્રી આણંદજી વીરજી શાહને મહારાષ્ટ્ર સરકારનો સર્વોચ્ચ સંગીત પુરસ્કાર લતા મંગેશકર એવોર્ડ એનાયત થયો છે. કચ્છી બંધુબેલડીએ સંગીત દિગ્દર્શન ક્ષેત્રે ઉંચું નામ કમાવ્યું છે. એમની શ્રેષ્ઠ કારકીર્દીમાં અનેક સિને મ્યુઝીક, ફિલ્મ ફેર એવોર્ડ પ્રાપ્ત થયા છે. રાષ્ટ્રીયસ્તરે, પુરસ્કારો અને જાણીતી ફિલ્મો "હિમાલય કી ગોદમે", "સરસ્વતીચંદ્ર", "કોરા કાગળ"માં આપેલું સંગીત સદાબહાર છે. ૨૫૦ ફિલ્મોમાં સંગીત પીરસ્યું છે. ૧૭ ફિલ્મો સુવર્ણજયંતિ અને ૩૯ ફિલ્મોએ રજતજયંતિ ઉજવી છે. એમણે અનેક ગાયકોને કલાતાલીમ આપી છે અને લીટલવંડર્સ જેવી બાળકલાકારોની ભેટ આપી છે. આ સિધ્ધિ બદલ કચ્છીયતનું ગૌરવ વધ્યું છે. હાર્દિક અભિનંદન.

## "ગુણ મલકે-સાગર છલકે" ઓપનબુક પરીક્ષા

ગુરૂ ગુણ જન્મ શતાબ્દિ નિમિતે વિદ્યાપીઠ આયોજીત ગુણ મલકે-સાગર છલકે સ્મૃતિગ્રંથ આધારે લેવાયેલ ઓપનબુક પરીક્ષાના પ્રવેશફોર્મ મસ્જીદબંદર વિદ્યાપીઠના કાર્યાલય ૨૧ કેશવજી નાયક રોડ, ભાતબજાર, મુંબઈ-૯ એ સરનામે મોકલવા જણાવાયું છે. આ પરીક્ષા ઓક્ટોબરમાં લેવાશે. વધુ વિગત શ્રી રામજીભાઈ ધરોડ-૯૩૨૩૧૯૧૦૫૦

## પર્યુષણ આરાધકોનું બહુમાન

વિદ્યાપીઠના ઉપક્રમે વિવિધ ગામોમાં પર્યુષણ આરાધના કરાવવા ગયેલા ભાઈ-બહેનોનું વિશિષ્ઠ બહુમાન કાર્યક્રમ પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીજીની નિશ્રામાં જોગેશ્વરી મુકામે તા.૧૬-૯નાં રાખવામાં આવેલ. જોગેશ્વરી સંઘે સર્વેનું ભાવભીનું સ્વાગત કરી જાહેર અભિવાદન-અનુમોદના કરી તેમને પ્રભાવના કવર અપાયેલ. સાંજે સર્વેની ચોવિહાર ભક્તિ કરાઈ.

પંચપ્રતિક્રમણ સૂત્ર આવડતા ભાઈ-બહેનોને પર્વ આરાધનાની સરસ તાલીમ અપાય છે. અને પર્વ આરાધના કરાવવા જનારા ઇચ્છુકો અને જે સંઘોને પર્યુષણ આરાધના અને વિધિવિધાન કરાવવા તાલીમબધ્ધ ભાઈ-બહેન જોઈએ તો અગાઉથી વિદ્યાપીઠનો સંપર્ક કરી નામ નોંધણી કરાવવી જેથી આયોજન થઈ શકે. સંપર્ક શ્રી રામજીભાઈ ધરોડ-૯૩૨૩૧૯૧૦૫૦

## કોઇમ્બતુર મહાજનનું અનુમોદનીય કાર્ય

તા.૧૫-૯-૧૨નાં મૂળ નરેડી (કચ્છ)ના ડોંબીવલી રહેતા શ્રી હરેશ રામજી નાગડા (ઉ.વ.૪૧) લેમીંગ્ટન રોડનાં ઇલેક્ટ્રોનિક ક્ષેત્રના યુવા વ્યાપારીનું કોઇમ્બતુરમાં હાર્ટએટેકથી અવસાન થતાં ત્યાંના આપણા મહાજનનાં સર્વે કાર્યકરોએ પોસ્ટમોર્ટમ, સદ્ગતની બોડીને મુંબઈ વિમાનમાર્ગે કુટુંબીજનોને મોકલવાની વ્યવસ્થામાં તથા પોલીસ અને એરલાઇન્સની પ્રક્રિયા સારીરીતે સમયસર પતાવી દઈને જે માનવતાવાદી કાર્ય સંભાળ્યું તે સેવાકાર્યની ને માનવીય મુલ્યોની સર્વત્ર અનુમોદના થઈ.

## ગુરૂ ગુણસ્મૃતિ સમુહ અઠ્ઠમતપ આરાધના

પૂ.સા.શ્રી ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ નિમિતે તા.૧૪-૧૫-૧૬ ઓક્ટોબરના સમુહ અઠ્ઠમતપ આરાધના કરાશે. આ તપ ૨૪મી પુણ્યતિથીએ તપાંજલિ હશે. નામ નોંધણીના ફોર્મ દરેક સંઘોના કાર્યાલયેથી કે પૂ.સાધુ-સાધ્વીજી પાસેથી મળી શકશે. વિશેષ સંપર્ક : પ્રિતેશ દેઢિયા-૮૮૭૯૯૩૩૭૮૮

## ડો. વાસંતીબેન ખોનાનું નિધન

સમસ્ત જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટી, "પરબ"ના સક્રિય કાર્યકર, અનંતનાથ ટ્રસ્ટના માજી ટ્રસ્ટી, મુંબઈ મહાજનની વ્ય. સમિતિના માજી સભ્ય અગ્રણી મહિલા કાર્યકર, ડો. કુ. વાસંતીબેન હીરજી ખોના (નલીયા-માહિમ)નું તા.૧૮-૯-૧૨ના ૫૪ વર્ષની વયે અકાળ અવસાન થયું. તેઓ માટુંગાની પ્રિમીયર શાળા-નેલેજ સંસ્થાનમાં પ્રાચાર્યા હતા અને ડોક્ટરેટ પદવી મેળવેલ. સુશિક્ષિત અને સામાજીક ભાવના થકી ઘણી સંસ્થાઓમાં સક્રિય યોગદાન આપેલ. મહિલા શક્તિને સારી રીતે ઉજાગર કરવા તેમણે "પરબ"ના માધ્યમે નવીનતમ ઉપયોગી કાર્યક્રમો પ્રસ્તુત કરવાની જહેમત લીધેલ. તેઓ સારા લેખિકા અને સાહિત્ય રસિક હતા. તેમની વિદાયથી જ્ઞાતિએ એક બુધ્ધિજીવી અગ્રણી સામાજિક મહિલા કાર્યકર ગુમાવ્યા છે. સદ્ગતને પરમ શાંતિ મળે એવી પ્રાર્થના સહ ભાવાંજલિ.

## શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ

પર્યુષણની ઉજવણી શ્રી સંઘે અનંતછાયામાં ગૃહજિનાલયમાં હર્ષ અને ઉલ્લાસપૂર્વક કરી. પર્વમાં પૂ.ભાગ્યવર્ષાશ્રીજી મ.સા. પધારેલ. આઠ દિવસ વ્યાખ્યાન પૂજા, પ્રતિક્રમણ, ભાવના, સાંસ્કૃતિક કાર્યક્રમો હતા. પોથી પધરાવવાનો લાભ માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા પરિવાર (સાંયરા) હ. હંસકુમારે લીધેલ તથા પૂજ્યશ્રીને વહોરાવવાનો લાભ શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા) એ લીધેલ. બીજના સ્વપ્નની ઘૃતની કુલ ઉછામણી ૧૦,૦૦,૦૦૧ મણ થઈ. મોક્ષની બારી ખોલવાનો લાભ શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા), પારણું પધરાવવાનો લાભ માતુશ્રી કસ્તુરીબેન રામજી ખોના પરિવાર (નલીયા) ચોથના દિવસે તપસ્વીઓનું બહુમાન કરવાનો લાભ માતુશ્રી રાજબાઈ રતનશી મૈશેરી પરિવાર (નલીયા), બારસાસુત્ર વહોરાવવાનો તથા ચિત્રદર્શનનો લાભ શ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાળા) પરિવાર (સાંઘવ) સંઘની ચૈત્યપરિપાટી તા.૯-૯૧૨ના ઘાટકોપર-મુલુન્ડ-થાણા-દહિસર-બોરીવલી (ગોરાઈ) જોગેશ્વરી-શાંતાક્રુઝ-બાન્દ્રા-મુંબઈ બે બસનું આયોજન કરવામાં આવેલ. સંઘ દ્વારા દર છેલ્લા શનીવારે અત્રે મહાકાલી માતાજી ભાવના ભણાવવામાં આવે છે. તા.૨૯-૯-૧૨નો લાભ માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટીખાવડી) એ લીધેલ છે. સકળ સંઘને પધારવા આમંત્રણ છે. આસો માસની શાશ્વતી આયંબિલની ઓળી તા.૨૧-૧૦-૧૨ થી ૨૯-૧૦-૧૨ સુધી રહેશે. અતરપારણા સંઘ તરફથી રહેશે. નામ નોંધણી દેરાસરમાં સવારના ૯થી૧માં લેવાશે.


**PHONETICS TEACHER TRAINING CERTIFICATE COURSE**

Add:L.N. MEHTA ED. CLASSES-
Yogesh Sadan, Hingwala Lane,Ghatkopar(E),
Mumbai-77 Phone: 9821255876, 25014824, 25014870

| DURATION | DAYS | DATE | TIME |
|---|---|---|---|
| 1 - Week | Monday to Friday | Starts on 8 th Oct. | 2:00-4:00 pm |
| 2 - Months | Every Saturday | Starts on 6th Oct. | 2:00 - 4:00 pm |
| 2 - days | 2 Sundays | 7th & 14th Oct. | 12:30-5:30 pm |

**E.C.E TEACHER TRAINING CERTIFICATE COURSE**

| DURATION | DAYS | DATE | TIME |
|---|---|---|---|
| 4 Months | Monday to Friday | Starts on 6th Oct. | 2:00-4:00 pm |

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**Limited Stock...**
**એમ્બ્રોડેરીની સેમ્પલ સાડીઓ અડધા ભાવે**
**મહાવીર એમ્બ્રોડેરી-માટુંગા (CR) માં...**

- હેન્ડ વર્ક-મશીન વર્ક પારસી સાડીઓનો નવો સ્ટોક
- Real અને Tested જરીની સાડી, ચણીયાચોળીમાં અનેક વેરાયટી.
- કસબ-બટકસબ ઝીંક કસબની સાડી, બોર્ડરમાં નવી ડીઝાઈનો આવેલ છે.
- લગ્ન તથા શુભ પ્રસંગને અનુરૂપ Designer સાડીઓ. તમારી જુની સાડી ચણીયા-ચોળી સેલા ઓલ્ટ્રેશન કરી Designer Look બનાવી આપશું.
- પ્લેન પોત તથા બાંધણી માટે Fancy બોર્ડર મળશે.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડરો અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું**

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-400019.
ફોન : 24025070, 65046030, 8652239537
www.mahavirembroidery.in (Sunday Closed)
**નોંધ : એમ્બ્રોયડરી તથા સાડીની દુકાન માટે અનુભવી/ બીનઅનુભવી સેલ્સમેન જોઈએ છે. પગાર લાયકાત મુજબ.**


"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ચત્રભોજ કુંવરજી ધરમશી** | ૭-૧૧૦૧/૩૨ SBH કોલોની, નહેરૂગંજ, ગુલબર્ગા-૫૮૫૧૦૪ |
| **મીનાક્ષી કે. લોડાયા** | ૨૧ ગોકુલ, પ્લોટ ૯, સુવિધા ગોચરાઈ ભાગ-૧, બોરીવલી (વે), મુંબઈ-૪૦૦૦૯૨. ફોનઃ ૯૮૬૭૫૦૯૦૧૭ |
| **પ્રબોધ વાલજી ધરમશી** | ૪૧ કોવઈનગર, ભુજ-મુંદ્રા રોડ, ભુજ-૩૭૦૦૦૧ ફોનઃ ૯૯૦૯૭૨૫૫૮૫ |
| **જેઠાલાલ હીરાચંદ મોતા** | ૧૯/૫૦૨, આનંદવિહાર, ખારેગાંવ રેલ્વે સ્ટેશન પાસે, કલવા (ઈ)-૪૦૦૬૦૫ |
| **અરવિંદ મણીલાલ દંડ (બાયઠ)** | સી-૨૩, લાવણ્ય, નાહુર વીલેજ, જૈન મંદિર રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦ |
| **ચેતન તિલકચંદ મોતા** | ૩૨/૪, ભૈરવનાથ, એઆરકે સ્કુલ પાછળ, શાહપુરી, સાતારા-૪૧૫૦૦૨ ફોનઃ ૯૦૩૭૧૬૩૭૧૧ |
| **જવેરચંદ ભવાનજી લાપસીયા** | એ/૮, નવપુરમ, શિવમંદિરરોડ, સંગીતાવાડી, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧. ફોનઃ ૯૯૨૦૩૩૬૬૦૨૧ |
| **પ્રવીણચંદ એલ લોડાયા** | એ-૩૦૮, મારુતિ કોમ્પ્લેક્સ, માનપાડા રોડ, મારુતિ મંદિર પાછળ, સાગાવ, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

લહેરચંદ મણશી પોલડીયા-ડોંબિવલી ૯૯૩૦૧૭૭૦૯૧

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૮-૧૨ | મુલુન્ડ | VVBD010103 | નિરવા-ભાવેશ લક્ષ્મીચંદ ભેદા | વારાપધર | કન્યા |
| ૪-૯-૧૨ | બડગરા | BYPL070905 | અક્ષ-પ્રજેશ રતનશી પોલડીયા | બાયઠ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૯-૧૨ | સુરત | SUDH120505 | રાહુલ ગીરીશ ઉમરશી ધરમશી | સુથરી | ૨૪ |
| | ડોંબિવલી | VRMO210205 | ગુંજન કિરીટ ધનજી મોમાયા | વરાડીયા | ૨૨ |
| ૧૭-૯-૧૨ | અંકલેશ્વર | LLDD050905 | મનીષ (મયંક) દિપક જેઠાભાઈ દંડ | લાલા | ૨૪ |
| | હુબલી | SIMO0501003 | યાશીકા ગીરીશ પદમશી મોમાયા | સાંયરા | ૨૨ |
| ૧૭-૯-૧૨ | ડોંબિવલી | PRNG090905 | કરણ તિલેશ (તારાચંદ) દામજી નાગડા | પરજાઉ | ૨૬ |
| | ગાંધીધામ | ARLO060303 | વૈશાલી કુલીનકાંત દેવજી લોડાયા | આરીખાણા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૬-૧૨ | ઘાટકોપર | JKMA011404 | હર્ષ બિપીન માણેકજી મહેશ્વરી | જખૌ | ૨૫ |
| | ઘાટકોપર | A | અંકિતા મિલાપચંદજી પારસમલજી મહેતા | ખિમેલ (રાજ.) | ૨૫ |
| ૧૩-૯-૧૨ | ડોંબિવલી | KRMT070903 | ભાવેશ વિનોદ ગોવિંદજી મોતા | કોઠારા | ૨૯ |
| | અંધેરી | A | શીતલ બાબુભાઈ છગનભાઈ પટેલ | સુરત | ૨૪ |
| ૧૪-૯-૧૨ | ભાવનગર | A | સંદિપ અશોક વાડીલાલ શાહ | દેવચરાડી | ૨૪ |
| | પાલિતાણા | BHDD031104 | ભાવના નરેન્દ્ર જેતશી ધરમશી | ભરૂડીયા | ૨૪ |
| ૧૭-૯-૧૨ | ઘાટકોપર | A | સાગર દિલીપ પ્રેમજી સંઘવી | મુંદ્રા | ૨૮ |
| | ઘાટકોપર | JKMA0110304 | નિયતી હરીશ માણેકજી મહેશ્વરી | જખૌ | ૨૭ |
| ૨૩-૭-૧૨ | હુબલી | SUDH041703 | ચેતન બિપીન મોતીચંદ ધરમશી | સુથરી | ૩૦ |
| | ડોંબિવલી | A | અંતિમા (બ્રીજલ) ગોપાલ ભીકાજી રાણે | | ૨૭ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭-૯-૧૨ | નાગપુર | KRDH060301 | કાંતિલાલ વીશનજી ધરમશી | કોઠારા | ૭૨ |
| ૧૩-૯-૧૨ | કોચીન | RPMT080101 | માનબાઈ ઉમરશી તેજપાર મોતા | રાપર | ૮૪ |
| ૧૩-૯-૧૨ | નાલાસોપારા | KULO020902 | હીરાબાઈ ખેતશી માડણ લોડાયા | કુવાપધર | ૭૨ |
| ૧૪-૯-૧૨ | મસ્જીદ | SUCD010401 | કુંવરબાઈ ઉમરશી ઘેલાભાઈ છેડા | સુથરી | ૮૭ |
| ૧૫-૯-૧૨ | જલગામ | JKSO020601 | અનીલ હીરજી માડણ સોની | જખૌ | ૪૮ |
| ૧૮-૯-૧૨ | માહિમ | NLKN140103 | કુ. ડો. વાસંતી હીરજી કેશવજી ખોના | નલીયા | ૫૪ |

# શ્રી દ.ભા.ક.દ.ઓ. જૈન એકમના ઉપક્રમે કચ્છીભુવનમાં જનરેટર સેટ ઉદ્ઘાટન સમારોહ




















**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## પાંચમી પુણ્યતિથીએ અશ્રુભીની શ્રધ્ધાંજલિ

: જન્મ :
૧૨-૪-૧૯૮૭



: સ્વર્ગવાસ :
૩૦-૯-૨૦૦૭

**સ્વ. પ્રતિક જ્વેરચંદ મુલજી તેજપાલ પટેલ**
(ડોંબિવલી - બાંઢીયા)

આંસુઓના બંધ તો તૂટી ગયા. આંખમાંથી આંસુઓ ખુટી ગયા. નિખાલસ ચહેરો હવે ક્યાં દેખાય છે ?
કારણ જીંદગી તણાં દર્પણ ફૂટી ગયા. પરિવારનો હતો તું મિલનસાર પ્રતિક, રોજ મળતો તું હવે મળવાનો નથી,
કારણ ભાગ્ય અમારા ફૂટી ગયા. શ્વાસે શ્વાસે નામ તારું ઘુંટાયા કરે છે પણ અકાળે કાળ આવી જીંદગીના સંબંધો લૂંટી લીધા.

~ સ્નેહભરી યાદોમાં સદાય વ્યાકુળ ~

દાદીમા : ગં.સ્વ. ખમાબાઈ મુલજી પટેલ
માતા : અ.સૌ. અમીતા જવેરચંદ પટેલ
પિતા : શ્રી જવેરચંદ મુલજી પટેલ
ભાભી : અ.સૌ. મોહિતા જતીન પટેલ
ભાઈ : શ્રી જતીન જવેરચંદ પટેલ
ભત્રીજા : રીતીક જતીન પટેલ • નીલ જતીન પટેલ એવમ સમસ્ત પટેલ પરિવાર

## હાર્દિક અભિનંદન !



**ચિ. હર્મેશ પંકજ માલદે**
(દલતુંગી-ડોંબીવલી)

ચિ. હર્મેશ BMS (Bachelor in Management Studies) 1st Class Pass 67% થી
ઉત્તીર્ણ થયેલ છે. આગળ MBA માટે એડમીશન મેળવેલ છે.
આ સફળતા બદલ હાર્દિક અભિનંદન અને ઉચ્ચ ભાવિની શુભેચ્છાઓ.

✻ શુભ આશીષ ✻

દાદા-દાદી : સ્વ. મણીબાઈ હીરજી માલદે પરિવાર
નાની-નાના : અ.સૌ. જયાબાઈ હીરાચંદ ખોના પરિવાર
મમ્મી-પપ્પા : અ.સૌ. હર્ષા પંકજ માલદે
લાડલી બહેન : દિવ્યા પંકજ માલદે S.Y.B.Sc.(Comp.Sci.)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**